જુનામાં જુનુ એટલે..
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીજ તેમજ જેન્ટસ સીંગર સાથે
-: સરનામું :-
ચાંદની ચોક, અમરેલી
ઝનકાર બ્રાસ બેન્ડ
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૭-૦૧-૨૦૨૫ મંગળવાર

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૬૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

Sheetal
ANY TIME TASTY
© 73000 51000

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૧ પોષ સુદ ૮ વર્ષ : ૩૦ અંક ૧૨૦




# ખનીજ ચોરી સામે જિલ્લા તંત્રનાં અભૂતપુર્વ દરોડા : ૪૦ વાહનો જપ્ત (૩)

# અમરેલી જિલ્લામાં ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ

## રવિવારે રાતથી સુસવાટા મારતો પવન ઠંડી તાણી લાવતા ફરી તાપણાઓ શરૂ થયા : લોકો ગરમ વસ્ત્રોમાં ઢબુરાયા

અમરેલી,

અમરેલી જિલ્લા સહિત રાજ્યભરમાં ફરી એકવાર ઠંડીનો રાઉન્ડ શરૂ થતાં જનજીવન ઉપર સીધી અસર વર્તાઈ રહી છે, ચાર દિવસ સુધી ઠંડીમાં ઘટાડો નોંધાતા લોકોમાં રાહત હતી પરંતુ ચાર દિવસના બ્રેક બાદ ફરી ઠંડી શરૂ થતાં માનવ જીવ સાથે પશુઓ પણ ધ્રુજી ઉઠ્યા છે.સાવરકુંડલાના આંબરડી ગામે લોકો રાત્રે તાપણાં કરી ઠંડીથી બચી રહ્યા છે. લોકો એ કરેલ તાપણાં માં મોડી રાત્રે ગાયો અને શ્વાન પરિવાર તાપણાં નજીક બેસી સૂસવાટા મારતાં પવન સાથે કડકડતી બચવા જાણે પ્રયાસો કરી રહ્યા હોય તેવું દૃશ્ય જોવા મળ્યું હતું. લોકો સાથે પશુઓનો પણ આ પ્રકારે ઠંડીથી બચવા તાપણું કરવાનો નિત્યક્રમ બની ગયો છે.

અમરેલી શહેરમાં રવિવાર રાતથી ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થયો હતો. સોમવારે વહેલી સવારે અને દિવસભર કાતિલ ઠંડો પવન ફુંકાયો હતો. રાત્રીનાં સમયે બજારો પણ સુમસામ ભાસતી હતી. સવારે સ્કુલે જતા બાળકો અને ધંધાર્થીઓ પણ ગરમ વસ્ત્રોમાં ઢબુરાયા હતાં. જ્યારે ઝુપડપટ્ટી અને ખુલ્લામાં રહેતા લોકોએ ઠંડીથી બચવા માટે તાપણાનો સહારો લીધો હતો. અમરેલી શહેરનું તાપમાન મહત્તમ ૨૮, ન્યુનતમ ૧૦.૬, ભેજ ૫૭ અને પવન ૭.૫ની ગતીએ ફુંકાયો હતો.

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
સતત 5th Times
C.O.T. 2024
LIC
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૮,૮૦૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૬-૦૧-૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા – મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા – મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર
સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુઃખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભંગદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.
કૈલાશ કલીનીક
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.) મો. ૯૪૨૬૪ ૨૧૯૨૨
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.) મો. ૯૪૨૮૪ ૬૬૮૪૬
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી.

જાનવી મોબાઇલ એન્ડ કવર હાઉસ - બગસરા
મો.૯૧૦૪૪ ૦૨૬૪૩
લેડીઝ સ્ટાફની જરૂર છે
કોમ્પ્યુટર જાણકારની પહેલી પસંદગી
લાયકાત મુજબ પગાર ધોરણ આપવામાં આવશે.
૧૪૯/- રૂા.ની ખરીદી ઉપર સાત વસ્તુ ફ્રી આપવામાં આવશે.
૫૦૦/- રૂા.ની ખરીદી ઉપર થરમોસ સાથે બે કપ ફ્રી આપવામાં આવશે.
જાનવી કવર હાઉસ
વિજયચોક,બગસરા મો.૯૧૦૪૪ ૦૨૬૪૩







ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
+91 84600 38303
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
જડબામાં સ્ક્રૂ વડે ફિક્સ દાંત / ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર :
- સડી ગયેલ દાંતને બચાવવાની સારવાર.
- દાંતને વધુ સડતો અટકાવવાં દાંતના કલરનું ફીલીંગ.
- દાંતમાંથી નીકળતા લોહી, મોઢાની દુર્ગંધ તેમજ પાન-મસાલાનાં દાગને દુર કરવા માટે દાંતની સફાઈ.
- પાણીનાં દાગ તેમજ પીળા પડી ગયેલ દાંત માટે બ્લીચીંગ.
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતું કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા.
- નાના બાળકોના તમામ દાંત અને પેઢા
- ઓછા ખુલતા મોઢાની સારવાર.
- પેઢાની સર્જરી.
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.

આપણા અમરેલીમાં
પ્રથમ અને એકમાત્ર
Perfect POWER Solutions (Since 2013)
એડવાન્સ ઇલેક્ટ્રીકલ પેનલ મેન્યુફેક્ચરિંગ યુનિટ
• ડિઝાઇન • ફેબ્રિકેશન • પાવડર કોટીંગ • એસેમ્બલીંગ • ટેસ્ટીંગ
સંપુર્ણ પ્રોડકશન લાઇન
પરફેક્ટ પાવર સોલ્યુશન્સ
શેડ નં.૨, પ્લોટ નં.૪૩, ક્રિષ્ટી સીડ્સની પાછળ, GIDC અમરેલી
મો.૯૬૩૮૧ ૭૧૯૨૭ - ૯૯૭૯૦ ૮૦૭૧૦
The Perfection you can always trust



## પશ્ચિમ રેલ્વે ભાવનગર ડિવીઝનનાં ડીઆરએમ સહિત ઉચ્ચ અધિકારીઓની ટીમે અમરેલીની મુલાકાત લઇ

# અમરેલીનાં રેલ્વે પ્રશ્ને બેઠક યોજતા ડીઆરએમ

### રેલ્વે વિભાગનાં તમામ અધિકારીઓ સાથે રેલ્વે ડિવીઝન ભાવનગરનાં ડીઆરએમએ બેઠક યોજીને અમરેલીનાં રેલ્વે સબંધીત પ્રશ્નોની ચર્ચા કરી

### અમરેલીથી ધારી-વેરાવળ અને અમરેલીથી ધારી-વિસાવદર-જુનાગઢની નવી રેલ્વે બ્રોડગેજ લાઇન બાબતે વાઇલ્ડ લાઇફની મંજુરી મેળવવા માટે થતી કાર્યવાહી કરવા આદેશ થયો

### અમરેલીથી સુરત-અમદાવાદ જવા અને અમરેલીથી મુંબઇ-સુરત જવા વાયા બોટાદ-તારાપુર-વડોદરા રેલ્વે ટ્રેક માટે સર્વે કરવાની કામગીરી ઝડપથી પુર્ણ કરવા આદેશ

### મહુવા-ઢસા માટે બેઠકમાં નવી ટ્રેનની માંગણી કરાઇ : અમરેલી ભાવનગર જિલ્લાનાં તમામ રેલ્વે સ્ટેશનોમાં પ્રાથમિક સુવિધા આપવા રેલ્વે અધિકારીઓને તાકિદ કરાઇ



અમરેલી,

અમરેલીનાં રેલ્વે પ્રશ્ને ભાવનગર રેલ્વે ડિવીઝનનાં ડીઆરએમ તથા રેલ્વે વિભાગનાં તમામ અધિકારીઓ સાથે બેઠક યોજી ચર્ચા કરી હતી અને જરૂરી સુચનાઓ આપી હતી. ભાવનગર ડીઆરએમ તથા રેલ્વે વિભાગનાં તમામ અધિકારીઓ સાથે અમરેલીમાં બેઠક મળી હતી. જેમાં રેલ્વે સબંધીત વિવિધ પ્રશ્નોની ચર્ચા કર્યા મુજબ અમરેલી, ધારી, વેરાવળ અને અમરેલી, ધારી, વિસાવદર, જુનાગઢ વચ્ચેની નવી રેલ્વે બ્રોડગેજ લાઇન બાબતે ફોરેસ્ટ વિભાગ પાસેથી વાઇલ્ડ લાઇફની મંજુરી મેળવવા માટે થતી કાર્યવાહી તાકિદે કરવા જણાવ્યું હતું અને અમરેલીથી અદાવાદ, સુરત માટે નવી ટ્રેન મંજુર કરવા બાબતે પણ ચર્ચા કરી હતી. અમરેલીથી સુરત, મુંબઇ જવા માટે વાયા બોટાદ, તારાપુર, વડોદરા રેલ્વે ટ્રેક માટે સર્વે કરવાની કામગીરી ઝડપથી પુર્ણ કરવા પણ જણાવ્યું હતું. જેથી અમરેલી, સુરત, મુંબઇ વચ્ચે અંતર અને સમય પણ લોકોનો બચી શકે. તેમજ મહુવા, ઢસા લાઇનમાં નવી ટ્રેનની માંગણી કરવામાં આવી હતી.

અમેરલી અને ભાવનગર જિલ્લાનાં તમામ રેલ્વે સ્ટેશનો પર પાણી, પંખા, બેસવાનાં બાકડા, સેનીટેશન જેવી પ્રાથમિક સુવિધા લોકોને મળી રહે તે માટે તમામ રેલ્વે અધિકારીઓને જણાવ્યું હતું.

---

#### કેચ ધ રેઇન યોજના હેઠળ ૩ લાખ જેટલા બોર છેલ્લા ત્રણ થી ચાર મહિનામાં બનાવ્યા છે

## ડેમ કે નદીનું પાણી આપણા ખેતર સુધી ન આવી શકે પરંતુ જો બોર કરીએ તો પાણી સરળતાથી મળી શકશે : શ્રી સી. આર. પાટીલ

### ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી સી. આર. પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં કેશોદ ખાતે વિવિધ સહકારી સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે કેચ ધ રેઇન કાર્યક્રમ યોજાયો



અમરેલી,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં જૂનાગઢ જિલ્લાના કેશોદ ખાતે વિવિધ સહકારી સંસ્થાના સંયુકત ઉપક્રમે જળ સંચય-જન ભાગીદારી-જન આંદોલન - કેચ ધ રેઈન કાર્યક્રમ યોજાયો હતો.

કેચ ધ રેઈન યોજના હેઠળ કેવી રીતે વરસાદી પાણીને આપણે જમીનમા ઉતારી શકીએ તેના માટે બોરની ડિઝાઇન અને થતા ખર્ચા અંગે તેમજ બોર થી થતા ફાયદા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતુ.

શ્રી સી.આર.પાટીલજીએ વધુમાં જણાવ્યું કે,. ગુજરાતમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ બોરના રિચાર્જ માટે ખર્ચના ૯૦ટકા સુધીનો ખર્ચે આપશે તેવી યોજના જાહેર કરી છે જેથી જે પણ બોરમા પાણી ન હોય તેમને બોરના રિચાર્જ માટે અરજી કરવી જોઇએ. આ યોજનાનો રાજયમા જુદા જુદા ખેડૂતોએ લાભ લીધો છે તેમની પણ વિસ્તૃત માહિતી આપી હતી. ડેમ કે નદીનું પાણી આપણા ખેતર સુધી ન આવી શકે પરંતુ જો બોર કરીએ તો પાણી સરળતાથી મળી શકશે. ૩ લાખ જેટલા બોર આખા દેશમા અલગ-અલગ રાજયોએ છેલ્લા ત્રણ થી ચાર મહિનામા કર્યા છે. મને આનંદ છે કે આજે જુનાગઢમા ૧૨૦૦ જેટલા બોર બનાવવા અંહીના આગેવાનોએ સંકલ્પ કર્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમા આ યોજનામા સફળ થઈશું તો આવનાર પેઢીને ક્યારેય પાણીની તકલીફ નહી પડે તેવો મને વિશ્વાસ છે.

આ કાર્યક્રમમા જીલ્લા પ્રમુખ શ્રી કિરીટભાઇ પટેલ, ધારાસભ્ય શ્રી દેવાભાઇ માલમ, શ્રી ભગવાનજીભાઇ કરગઠીયા, જૂનાગઢ શહેર પ્રમુખ શ્રી પુનીતભાઇ શર્મા તેમજ પદાધિકારીશ્રીઓ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

---

## અમરેલીનાં શ્રી જાળીયા ગામની પ્રા. શાળાના બાળકોએ સુષુપ્ત શક્તિઓનો પરિચય આપ્યો

### નાનકડા બાળકોએ આકાશવાણી પ્રેરિત 'એનઘેન દીવાઘેન' કાર્યક્રમમાં ભાગ લીધો



અમરેલી,

સમગ્ર ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થામાં હકારાત્મક પરિવર્તનો આવ્યા છે. અમરેલી જિલ્લાની શ્રી જાળીયા પ્રાથમિક શાળા હંમેશા ચર્ચામાં રહે છે. અમરેલીની સ્માર્ટ પૈકીની એક સ્માર્ટ શાળા એટલે શ્રી જાળીયા પ્રાથમિક શાળા! એવી આ શાળાની ઓળખ છે. શ્રી જાળીયા પ્રાથમિક શાળાના બાળકોએ અમરેલીનું ગૌરવ વધાર્યું છે. સુષુપ્ત શક્તિઓનો પરિચય આપીને શાળાના બાળકોએ પ્રતિભા પ્રદર્શિત કરી છે. નાનકડી વયના બાળકો પાથર હિરવા રાજેશભાઈ, પાથર કાવ્યા રાજેશભાઈ, લક્કડ ખુશી હિતેશભાઈ, મેવાડા રાધિકા જસાભાઈ અને નયન કાંતિભાઈ નામના નાનકડી વયના કોમળ બાળકોએ આકાશવાણી પ્રેરિત 'એનઘેન દીવાઘેન' કાર્યક્રમમાં બાલગીત, લોકગીતની પ્રસ્તુતી કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. પ્રસ્તુત કૃતિની પ્રસ્તુતીનું લાઈવ પ્રસારણ તા.૦૧ જાન્યુઆરી, ૨૦૨૫ના સાંજના ૫.૧૫ વાગ્યે રાજકોટ રેડિયો દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી જાળીયા પ્રાથમિક શાળામાં શિક્ષણની સાથે સર્જનાત્મક પ્રવૃત્તિ પર અને કલા પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવે છે. શિક્ષકો બાળકોને વિવિધ કલા, કૌશલ્ય અને રમત ગમત માટે પણ તૈયાર કરે છે અને બાળકોમાં રહેલ સુષુપ્ત સર્જનાત્મક શક્તિઓને બહાર લાવવાનું ઉમદા કાર્ય કરે છે. બાળકોના સર્વાંગી વિકાસમાં માતા-પિતાની સાથે તેમના ગુરૂજનોનો મહત્વનો ફાળો હોય છે. આકાશવાણી પ્રેરિત 'એનઘેન દીવાઘેન' કાર્યક્રમ માટે તૈયાર કરવા અને તેમને તાલીમ આપવા માટે શ્રી જાળીયા પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક શ્રી કાતરીયા પ્રફુલભાઈએ જહેમત ઉઠાવી હતી. સાથે સંપૂર્ણ માર્ગદર્શન શાળાના આચાર્યશ્રી આશિષભાઈ મહેતાએ વિશેષ કાળજી રાખીને પુરૂ પાડ્યું હતુ. આમ, સુકોમળ બાળકોએ આકાશવાણી પ્રેરિત કાર્યક્રમમાં ભાગ લઈને સાથે ઉત્કૃષ્ટ પ્રતિભાનો પરિચય આપીને જાળીયા ગામ સહિત સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

---

## કબીરવડમાં નર્મદા મૈયાનાં દર્શન કરતા પુ. મોરારિબાપુ



રાજુલા, (કનુભાઇ વરૂ)

પૂજ્ય મોરારીબાપુની કથા કબીરવડ ખાતે નર્મદા કિનારે શરૂ છે ત્યારે કથા સમય બાદ પૂજ્ય મોરારીબાપુ નર્મદાની તટ પર પૂજ્ય મોરારીબાપુ નર્મદા મૈયાના દર્શન કરતા જોવા મળ્યા છે. કબીર વડ ખાતે પૂજ્ય મોરારીબાપુની નો પ્રારંભ થતા અનેક સંતો ઉપસ્થિતિ હતી.

---

## બગસરાનાં હાલરીયા ગામેથી ચોરી કરેલા મોટરસાયકલ સાથે ઝડપાયો

### સીટી પોલીસે વરૂડી રોડ જગુ પુલ પાસેથી ઝડપી લીધો

અમરેલી, અમરેલી ડીવીઝનના પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઇ નાઓ દ્વારા અમરેલી ડીવીઝનમાં બનવા પામેલ મિલકત સબંધીત ગુન્હાઓ ડીટેક્ટ કરી આરોપી તથા મુદ્દામાલ ત્વરીતપણે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય.જે અન્વયે અમરેલી સીટી પોલીસ ઈન્સપેક્ટર ની રાહબરી હેઠળ પોલીસ સર્વેલન્સ ટીમ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન એક ઈસમ મોટર સાયકલના સ્પેરપાર્ટ કરી વેંચાણ કરવાની ફિરાકમાં હાજર હોય તેવી હ્યુમન સોર્સની મદદથી બાતમી મળતા હકિકત આધારે જગદીશભાઇ કેશુભાઇ પરમારને શંકાસ્પદ મોટર સાયકલ સાથે હાજર હોય તેને મોટર સાયકલ અંગે પુછપરછ કરતા કોઇ સંતોષકારક જવાબ કે કોઇ આધાર રજુ કરતો ન હોય અને સદર મોટર સાયકલ બગસરા તાલુકાના હાલરિયા ગામેથી ચોરી કરેલ હોવાનું અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા અમરેલી સીટી પો.સ્ટે. બી.એન.એસ.એસ. કલમ ૩૫(૧)(ઈ) તથા ૧૦૬ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---

## વિઠલપુર ગામની પાટીદાર દિકરીના પ્રકરણમાં જવાબદાર પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરો

### અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીની રજુઆત



અમરેલી,

અમરેલીના વિઠલપુર ગામની પાટીદાર સમાજની નિર્દોષ દિકરીના પ્રકરણમાં જવાબદાર પોલીસ અધિકારીઓને તાત્કાલીક સસ્પેન્ડ કરવા અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીએ અમરેલી એસપીને પત્ર પાઠવી રજુઆત કરી જણાવ્યુ છે કે નિર્દોષ દિકરીને ખોટી રીતે ફસાવવામાં આવેલ હતી તેનો ટાઈપીસ્ટ તરીકેનો રોલ હતો છતા પણ સાક્ષી બનાવવાને બદલે આરોપી બનાવી દીધી તે અનુસંધાને વિઠલપુર ગામે દિકરીના ઘરે જઈને રાત્રે ૧૨ વાગ્યા પછી ભરનિંદ્રામાંથી જગાડીને ધરપકડ કરી પોલીસ સ્ટેશન લાવેલ હતા કોઈ મહિલાની રાત્રે ધરપકડ કરી શકાતી નથી છતા પોલીસે કાયદા વિરૂધ્ધ જઈને ધરપકડ કરી હતી અને દિકરીનું જાહેરમાં સરઘસ કાઢીને આબરૂ ઉછાળવાનું કામ કર્યુ હતુ.

રિમાન્ડ માંગીને દિકરીને પટાથી માર મારવામાં આવ્યો હતો. તેથી આ પ્રકરણમાં જવાબદાર પોલીસ અધિકારીઓ અને અન્ય પોલીસ સ્ટાફને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવા એસપીને રજુઆત કર્યાનું શ્રી મનિષ ભંડેરીએ જણાવ્યુ છે.

---

## અમરેલી જિલ્લા સ્વનિર્ભર શાળા મંડળના પ્રમુખ તરીકે નિત્યમ વિદ્યા સંકુલના સ્થાપક અને યુવાન કેળવણીકાર શ્રી હસમુખ પટેલની વરણી

### સતત ત્રીજી વખત સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ તરીકે બિનહરીફ



અમરેલી, નિત્યમ વિદ્યા સંકુલ ખાતે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ અમરેલીની કારોબારી સભા કાળુભાઈ ગેલાણીની અધ્યક્ષતામાં યોજાયેલ જેમાં અમરેલીના તમામ તાલુકાના પ્રતિનિધીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. આ સભામાં રાજયની કારોબારીમાં થયેલ ચર્ચા, ખ.ઈ.ભ.ફી, અપાર આઈ.ડી. રજિસ્ટ્રેશન જેવા તમામ મુદાઓની ચર્ચા બાદ તમામ હોદેદારોની મુદત પૂર્ણ થતી હોવાથી સ્થાનેથી તમામનુ વિસ્તરણ કરી ફરી નવા હોદેદારોની નિમણુંક બાબતે ચર્ચાને અંતે યુવા કેળવણીકાર અને પૂર્વ પ્રમુખ હસમુખભાઈ પટેલને પુનઃ નવા પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી ત્યારબાદ સર્વાનુમતે અધ્યક્ષ સ્થાને કાળુભાઈ ગેલાણી, મહામંત્રી તરીકે રાજુભાઈ ધાનાણી, ઉપપ્રમુખ પદે કમલેશભાઈ હડીયા અને હરેશભાઈ દેસાઈ તેમજ ખજાનચી તરીકે પરેશભાઈ બોઘરાની તેમજ  તરીકે વિજયભાઈ મહેતા અને મેહુલભાઈ પાઠકની તેમજ સંકલન મંત્રી તરીકે પાર્થિવભાઈ જોષીની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. તમામ હોદેદારશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન આવનાર દિવસોમાં જિલ્લાનું સંગઠન મજબુત બને અને શ્રેષ્ઠ શિક્ષણની દિશામાં આપણે સૌ એક સાથે આગળ વધીએ એવા સંકલ્પ સાથે નવી વર્ણી પામેલા તમામ હોદેદારો આગળ વધે એવી શુભકામનાઓ પાઠવી હતી. નવનિયુકત તમામ હોદેદારોએ તાલુકા અને ગ્રામ્ય વિસ્તારનો પ્રવાસ કરી સંગઠનને મજબુત બનાવવા અને સંચાલકોનો આભાર માની સભા પૂર્ણ જાહેર કરેલ.

---

### વાહ કયા સીન હૈ..!

#### ઓમ



રાજુલાનાં દુષ્યંતભાઇ ભટ્ટ અને સેજલબેન ભટ્ટનાં લાડલા ઓમનો આજે જન્મદિન છે. કેક ખાવા આવજો.

---

## રાજુલા પોલીસને મળી આવેલ મોબાલઇ ફોન પરત અપાવ્યો

### ટેકનીકલ સોર્સના માધ્યમથી ફોન શોધી આપ્યો

અમરેલી,

રાજુલા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ.કોલાદરા નાઓની સુચના અને માર્ગદર્શથી રાજુલા પો.સ્ટે. માં મળી આવેલ બે મોબાઈલ ફોન જે ટેકનીકલ સોર્સના માધ્યમથી બન્ને મુળ માલિકો (૦૧) ગોહિલ જયોતીન ભુપેન્દ્રભાઇ રહે.સુરેન્દ્રનગર વાળાને શોધી મોબાઈલ ફોન બાબતે પુંછતા તેઓનો મોબાઈલ ફોન જુનાગઢ પરિક્રમાં ગયેલ નું જણાવતા અને મોબાઈલ ફોનનું બિલ બતાવતા મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૪,૦૦૦/- તથા (૦૨) નારાયણસિંહ ચતારસિંહ રહે. રાજેસ્થાન હાલ-ભેરાઇ તા.રાજુલા જી.અમરેલી વાળાને શોધી મોબાઈલ ફોન બાબતે પુંછતા તેઓનો મોબાઈલ ફોન રાજુલા ખરીદી કરવા આવતા પડી ગયેલા નું જણાવતા અને મોબાઈલ ફોનનું બિલ બતાવતા રિયાલમી C-૩૩.જેના.IMEI-૮૬૧૭૭૫૦૬૪૯૫૮૫૫૧ મોબાઈલ ફોનની કિંમત રૂપીયા ૮,૦૦૦/- ટેકનીકલ સોર્સના માધ્યમથી મુળ માલિકને શોધી ફોન પરત આપી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ ખરા અર્થમાં સાર્થક કરેલ છે.

---

## અમરેલીમાં ગુમ થયેલ મોટરસાયકલ પરત અપાવ્યું

અમરેલી, અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઇ નાઓ દ્વારા જરૂરી સુચના તથા માર્ગદર્શન આપવામાં આપેલ હોય.જે અન્વયે અનીલભાઇ કેશુભાઇ મારૂડા રહે.અમરેલીવાળા તા.૦૨/૦૧/૨૦૨૫ના રોજ સવારના આશરે ચારેક વાગ્યે અમરેલી ટાવર રોડે પોતાની મોટર.સાયકલ.રજી.નં.GJ-૧૪-AH-૫૦૮૮ વાળુ રાખી પોતાના કામે ગયેલ હોય તે દરમ્યાન અરજદારની મોટરસાયકલ ક્યાક ગુમ થયેલ હોય જે અંગે અમરેલી સીટી પો.સ્ટે.માં મોટર સાયકલ ગુમ થયા અંગેની અરજી મળતા અરજી અનુસંધાને અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા કંટ્રોલ સેન્ટર, નેત્રમના સહયોગથી સી.સી.ટી.વી. ફુટેજીસ જોઈ તેનો સઘન અભ્યાસ કરી હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ મિલકત શોધી મુળ માલીકને પરત કરી 'તેરા તુજકો અર્પણ કાર્યક્રમ સાર્થક કરતી અમરેલી સીટી પોલીસ ટીમની પ્રશંસા થઇ રહી છે.

---

## નાના લીલીયામાં ઉર્ષ મુબારકનું ભવ્ય આયોજન

### હઝરત ઓલીયા સૈયદ અશરફમીયાબાપુ દાદાબાપુનાં ઉર્ષ નિમિતે અનેક કાર્યક્રમો

અમરેલી,

નાના લીલીયામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હઝરત ઓલીયા સૈયદ અશરફમીયાબાપુ દાદાબાપુનો ઉર્ષ મુબારક સાનો સૌકતથી તા.૭-૧-૨૫ મંગળવારે ઉજવાશે. ઉર્ષ નિમિતે ન્યાજ, મહેફીલે મિલાદ સહિત કાર્યક્રમો યોજાનાર છે.

આ પ્રસંગે પીરે તરીકત સૈયદ અમાનતઅલીબાપુ અને પીરે તરીકત સૈયદ હાજી અલીબાપુ ચિસ્તી પાલિતાણાવાળા ઉપસ્થિત રહેશે. નાના લીલીયા દર્ગાહ શરીફ ખાતે ઉર્ષમાં ધર્મકાર્યનો લાભ લેવા દાદાબાપુ દર્ગાહ પરિવાર દ્વારા જણાવાયું છે.


ચાલો હરિદ્વાર
આગામી ઉનાળુ વેકેશન દરમિયાન
હરિદ્વાર મુકામે
''શ્રીમદ ભાગવત કથા'' નું આયોજન કરેલ છે.
તા.૨૩-૦૩-૦૨૫ થી ૨૯-૦૩-૦૨૫
સંપર્ક : મહેતા ઘનશ્યામભાઇ ભુદેવ
મો.નં.૯૯૭૪૮ ૦૬૩૬૫

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

શુધ્ધતામાં શ્રેષ્ઠ સ્વાદમાં સર્વશ્રેષ્ઠ
મકરસંક્રાંતિનો આનંદ માણો અવધ ડેરીફાર્મ સંગ
ડ્રાયફ્રુટ શિખંડ, વેનીલા શિખંડ, પાઇનેપલ શિખંડ, એલચી શિખંડ, મેંગો શિખંડ, કેસર શિખંડ, બટર સ્કોચ શિખંડ, સ્ટ્રોબેરી શિખંડ
તેમજ દુધમાંથી બનાવેલી અવનવી મીઠાઇઓનો ખજાનો
શુધ્ધ સિંગતેલમાં બનાવેલ તાજુ ફરસાણ
ફરાળી વાનગીઓની વિવિધ રેંજ
અવધ ડેરીફાર્મ
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી ફોન : ૨૨૦૦૫૨

(૧) કોમર્સિયલ ટર્બો તેમજ દરેક ડીજલ કારના ટર્બો રિપેરીંગ
(૨) ઓટોમેટિક ફોલ્ડ મિરર તેમજ પાવર વિન્ડો સ્વિચ રિપેરીંગ
(૩) હેડલાઇટ રીપેરીંગ તેમજ રીસ્ટોર
સ્ટેશન રોડ, પાણી પુરવઠા બોર્ડ સામે, ભક્તિ કુટિર કોમ્પલેક્ષ, દુકાન નં.૧, અમરેલી
મો.૭૦૬૯૬ ૩૦૬૪૦

સ્પેશિયલ મંદિર માટે
મોરની સાઉન્ડ સિસ્ટમ
આરતી સમયે વગાડવા માટે શંખ,
ઝાલર, નગારાની સાઉન્ડ સિસ્ટમ
તેમજ મંત્ર જાપની સિસ્ટમ માટે
સ્વામિ ઇલેક્ટ્રોનિક
પરમ હાઇટ્સ બિલ્ડીંગ, પહેલા માળે, પટેલ ટાયરની પાસે, સ્ટેશન રોડ, અમરેલી મો.૯૮૯૮૨ ૪૮૭૮૯

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

### કલેક્ટરશ્રી અજય દહીયાનું સિધુ મોનીટરીંગ : રાત્રીનાં દરેક પ્રાંત કક્ષાએથી ટીમો નદીમાં ઉતરી પડી

# ખનીજ ચોરી ઉપર ત્રાટકતુ જિલ્લા તંત્ર : ૪૦ વાહનો જપ્ત

## બિનઅધિકૃત રીતે ખનીજ વહન કરતા ૪૦ વાહનો સહિત રૂા.સાડા ત્રણ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો : વાહન માલિકો સામે પણ કાર્યવાહી

## મધરાત્રે ખનીજ વિભાગ ઉપરાંત જિલ્લાની નદીઓમાં, માર્ગો ઉપર પ્રાંત વાઇઝ રેવન્યુ તંત્ર અને મામલતદારોની ટીમોને પણ મેદાનમાં ઉતારવામાં આવી





અમરેલી,

અમરેલી જિલ્લામાં કલેક્ટરશ્રી અજય દહિયાનાં માર્ગદર્શનમાંજિલ્લાતંત્રદ્વારાનદીઓઅને માર્ગોઉપરસઘનચેકીંગકરીગેરકાયદેસર થતીખનીજનીહેરાફેરીઅનેખનીજચોરી ડામવામાટેટીમોઉતારવામાંઆવતાએક જ રાતમાં જિલ્લા તંત્રએ રૂા.સાડા ત્રણ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

જાણવા મળતી માહિતી અનુસાર કલેક્ટરશ્રી અજય દહીયાનાં સીધામોનીટરીંગમાંગતરાત્રીનાંદરેકપ્રાંત કક્ષાએથી ટીમોને નદીમાં ઉતરાઈ હતી. અને સફેદ બેલા, રેતી, કાર્બોસેલ ખનીજ સહિતનાં ખનીજને ઓવરલોડેડ વહન કરતા અને બિનઅધિકૃત વહન કરાતા સફેદબેલાનાં ૧૧, રેતીનાં ૭, કાર્બોસેલનાં ૧૯ અને અન્ય ત્રણ મળી બિનઅધિકૃત રીતે ખનીજ વહન કરતા ૪૦ વાહનો સહિત રૂા.સાડા ત્રણ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાંઆવ્યોછેઅનેકલેક્ટરશ્રીએ જણાવ્યું છે કે, તમામ વાહનોનાં માલિકો સામે પણ ગેરકાયદેસર ખનીજ વહન કરવા બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાંઆવશે.

રવિવારની મધરાત્રે ખનીજ વિભાગ ઉપરાંત જિલ્લાની નદીઓમાં, માર્ગો ઉપર પ્રાંત વાઇઝ રેવન્યુ તંત્ર અને મામલતદારોની ટીમોને પણ મેદાનમાં ઉતારવામાં આવતા અમરેલી જિલ્લામાં ચાલતી ખનીજ ચોરી આજે લાંબા સમયે ઠપ્પ થઈ ગઈ છે. અને આજ પ્રકારે ચાર દી' કે અઠવાડીયે સરપ્રાઈઝ ચેકીંગ થાય તો આ પ્રવૃતિ ઉપર ઘણો અંકુશ આવી શકે તેમ છે. અમરેલી કલેક્ટરશ્રી અજય દહિયાએ ખનીજ ચોરી સામે નક્કરતાથી પ્રશંસનીય કાર્યવાહીનો પ્રારંભ કર્યો છે.

---

### લેટરકાંડ પ્રકરણમાં સેશન્સ કોર્ટમાં જામીન મુક્ત કરાયેલ યુવતિ સામે આરોપ પાછા ખેંચવાની પ્રક્રિયા દરમિયાન

# લેટરકાંડમાં નવો વળાક : મહિલા આરોપીને નિર્દોષ ઠેરવવાની ૧૮૯ પ્રક્રિયાને નામંજુર કરતી કોર્ટ

## બીએનએસએસ ૧૮૯મુજબ આરોપી મહિલાનું બનાવટી લેટર પ્રકરણમાં નામ કાઢી નાખવા માટેની કોર્ટમાં મંજુરી મંગાયેલ

અમરેલી,અમરેલીનાં ધારાસભ્યશ્રી કૌશિકવેકરીયાનીબદનામીનાંપ્રકરણમાં જેમનું નામ આરોપી તરીકે ખુલ્યુ છે તેવા ચાર આરોપીઓ પૈકી મહિલા આરોપીનું નામ આરોપી તરીકે રદ કરવા માટે જુની સીઆરપીસી ૧૬૯ અને નવી બીએનએસએસ ૧૮૯ મુજબની પ્રક્રિયા માટે કોર્ટમાં તજવીજ કરાઈ હતી પરંતુ જાણવા મળતી માહિતી અનુસાર પાટીદાર સમાજની યુવતિનું નામ આરોપમાંથીહટાવવાનીપ્રક્રિયાનામંજુર થઈ છે.

---

### સ્ટેટ મોનિટરિંગ સેલને મળ્યો અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો

# ગુજરાતમાં ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સામે નવી લડાઇનો પ્રારંભ

## સ્ટેટ મોનિટરિંગ સેલને રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયનું સીધું માર્ગદર્શન મળશે તેમજ પણ ગુપ્તતા જળવાઇ રહેશે

અમરેલી,

રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગૃહ વિભાગે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સામેની લડાઈને વધુમજબૂતબનાવવામાટેએકનવોઅને ઐતિહાસિક નિર્ણય લીધો છે. પોલીસ ભવનખાતેકાર્યરતસ્ટેટમોનિટરિંગસેલ ઝીરો બજેટથી અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો આપી વિશેષ સત્તાઓ આપવામાં આવી છે.

રાજ્યમાં અને રાજ્યની બહાર બનતાં ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા રાજ્યને સ્પર્શતા ગુનાઓના દરોડા પાડી તેના ગુના આ નવા એસ.એમ.સી પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાંઆવશેઅનેતેનીતપાસ પણ આ ટીમ દ્વારા આવશે.

આ ગુનાઓની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા છ્જીને પણ વર્ષ ૨૦૦૨માં પોલીસસ્ટેશન જાહેર કરવામાંઆવ્યુંહતું. હવે જીસ્મ દ્વારા ATSની જેમ ગુજરાત તેમજદેશમાંઓર્ગેનાઈઝડક્રાઈમવિરુદ્ધ સક્રિય પગલાં લેવામાં સક્ષમ બનશે અને અસરકારક કામગીરી કરશે.

### સ્ટેટ મોનિટરિંગ સેલ પોલીસ સ્ટેશનથી શું થશે?

- ઝડપી અને અસરકારક તપાસ: સ્થાનિક પોલીસ સ્ટેશન સહિતની અન્ય મંજુરીઓમાંથી મુક્તિ મળતાં તપાસની પ્રક્રિયા ઝડપી બનશે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી થઈ શકશે.
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગુનાઓની તપાસ: આ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલા ગુજરાતને રાજ્યની બહાર થતા ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા ગુનાઓની સ્વાયત્ત તપાસ થઈ શકશે.
- સીધુ માર્ગદર્શન: સ્ટેટ મોનિટરિંગ સેલને રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયનું સીધું માર્ગદર્શન મળશે તેમજ તપાસમાં પણ ગુપ્તતા જળવાઈ રહેશે.
- આ નિર્ણયથી ગુજરાતમાં ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ પર અંકુશ આવશે અને રાજ્યને વધુ બનાવવામાં મદદ મળશે. આ પોલીસ સ્ટેશનની સ્થાપના માટે કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી. હાલ જ્યાં આ સેલ કાર્યરત છે ત્યા જ પોલીસ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યુ છે.

---

### સિનિયર પોલીસ અધિકારી ડીવાયએસપીશ્રી અશોકસિંહજી ગોહિલની અધ્યક્ષતામાં

# લેટરકાંડમાં પોલીસ સામે થયેલા આક્ષેપો ચકાસવા એસઆઇટીની રચના કરતા એસપીશ્રી સંજય ખરાત

## શ્રી ગોહિલની સાથે સભ્ય તરીકે મહિલા પોલીસ અધિકારી સુશ્રી ઇન્દુબા ગીડા, એચ.જે.બરવાડીયાની નિમણુંક



અમરેલી,

સિનિયર પોલીસ અધિકારી ડીવાયએસપીશ્રી અશોકસિંહજી ગોહિલની અધ્યક્ષતામાં લેટરકાંડમાં પોલીસ સામે થતા આક્ષેપો ચકાસવા એસપીશ્રીસંજયખરાતે ટીમબનાવીછે. ટીમના અધ્યક્ષ શ્રી એ.જી.ગોહિલની સાથે સભ્ય તરીકે મહિલા પોલીસ અધિકારી પીઆઈ સુશ્રી ઈન્દુબા ગીડા, પીએસઆઈ એચ.જે.બરવાડીયાની નિમણુંક કરીછે. આ કમિટીપોલીસતંત્ર સામે પ્રિન્ટ મિડીયા અને ઈલેક્ટ્રો મિડીયામાં ધરપકડ કરવામાં આવેલ આરોપીઓ બાબતે પોલીસ વિરૂધ્ધ કરાયેલા આક્ષેપો બાબતે તટસ્થ તપાસ કરશે.

---

# બગસરાથી વીરપુર પદયાત્રાનું પ્રસ્થાન

## પદયાત્રામાં ૭૦થી વધુ ભાઇ-બહેનો જોડાયાં : માવજીંજવામાં સ્વાગત



બગસરા, (રૂપેશ રૂપારેલીયા)

બગસરા સમસ્ત રઘુવંશી પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બગસરા થી વીરપુર પદયાત્રાનું આયોજન કરવામાંઆવેલજેમાંરઘુવંશીપરિવારના ૭૦ થી વધુ ભાઈઓ તેમજ બહેનો જોડાયેલાછે ત્યારે આ પદયાત્રા સંઘ બગસરા તાલુકાના માવજીંજવા ગામમાં પ્રવેશ કરતા ત્યાના સરપંચની હાજરીમાં સ્વામી નારાયણ મંદિરે નાસ્તો કરવામાં આવેલ ત્યારે નાસ્તાનું આયોજન કરનાર તમામને બગસરા રઘુવંશી પરિવારનાપ્રમુખભીખુભાઈ સેજપાલ તેમજ કારોબારી સભ્યો દ્વારા સન્માન કરવામાં આવેલ તેમજ આ સંઘ રાત્રી રોકાણ વડિયા ગામે કરશે ત્યાંથી સવારે વીરપુર જવાપ્રસ્થાન કરશે.


પાંજરાપોળ ગૌશાળા

કોમ્પ્યુટર ઓપરેટર જોઇએ છે

પાંજરાપોળ ગૌશાળા અમરેલી ઓફીસ માટે કોમ્પ્યુટર ઓપરેટરની જગ્યા હોય કુશળ તથા અનુભવીની પ્રથમ પસંદગી ગુજરાતી ટાઇપીંગ આવડતુ હોવુ જોઇએ

રૂબરૂ મળવાનો સમય : સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૪:૦૦ થી ૭:૩૦

રીઝયુમ સાથે લાવવા વિનંતી.

સ્થળ : પાંજરાપોળ ગૌશાળા

જીવદયા ભવન, પાણી દરવાજા પાસે, અમરેલી મો.૭૯૮૪૫ ૩૪૫૨૨



☎ 94281 90118 ॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥

ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ

એક-એકથી ચડીયાતા વિન્ટર કલેક્શનની અવનવિ વેરાયટી

વિન્ટર ટી-શર્ટ, હુડી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...

ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ

લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેક્શન





ઉમિયા ફેશન

(નાના આંકડીયાવાળા)

સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.







શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...

(બાબરાવાળા)

આનંદ કલોથ સ્ટોર

હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૦/૨૪..............તા.૦૧-૦૧-૨૦૨૫**

વિવાદી :- શ્રી નયનાબેન કરશનભાઈ મોરસડા રહે.સુરત

વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી ઘુઘરાળા ગ્રામ પંચાયત, તા.બાબરા

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે ઘુઘરાળા ગામના રહીશ આ કામના અરજદારશ્રી નયનાબેન કરશનભાઈ મોરસડાનો જન્મ તા.૦૪-૦૮-૧૯૮૫ ના રોજ મોજે ઘુઘરાળા, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૬-૧૨-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯-૦૧-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો — **તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૦/૨૪..............તા.૦૬-૦૧-૨૦૨૫**

વિવાદી :- શ્રી નઝમા બાબુશા શાહમદાર રહે.ડાભેરી, મહારાષ્ટ્ર

વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી કરીયાણા ગ્રામ પંચાયત, તા.બાબરા

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે કરીયાણા ગામના રહીશ આ કામના અરજદારશ્રી નઝમા બાબુશા શાહમદારનો જન્મ તા.૧૦-૧૨-૧૯૭૯ ના રોજ મોજે કરીયાણા, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૩-૦૯-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯-૦૧-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો — **તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૦/૨૪..............તા.૦૬-૦૧-૨૦૨૫**

વિવાદી :- શ્રી નયનાબેન હરજીભાઈ વાઘેલા રહે.ઢસા ગામ, તા.ગઢડા

વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી કલોરાણા ગ્રામ પંચાયત, તા.બાબરા

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે કલોરાણા ગામના રહીશ આ કામના અરજદારશ્રી નયનાબેન હરજીભાઈ વાઘેલાનો જન્મ તા.૦૨-૦૫-૧૯૮૪ ના રોજ મોજે કલોરાણા, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૩-૦૯-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯-૦૧-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો — **તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

---

**એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી**

**અપીલ રજી. નં. ૦૨-૨૦૨૫**

અરજદાર : શ્રી હબીબભાઈ મુસાભાઈ કાલવા રહે.મોટા ખાટકીવાડ, બહારપરા, તા.જી.અમરેલી

સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી ચીફ ઓફીસર નગરપાલીકા અમરેલી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરનાં હબીબભાઈ મુસાભાઈ કાલવાએ તેમના પુત્ર શ્રી કાલવા મહેબુબ હબીબભાઈનો જન્મ તા.૦૩-૦૨-૧૯૭૩ ના રોજ થયેલ હોવા ની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. -૦૧-૨૦૨૫ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો — **એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેર**

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૦/૨૪..............તા.૦૧-૦૧-૨૦૨૫**

વિવાદી :- શ્રી હીરાભાઈ સવજીભાઈ બુહા રહે.ચમારડી, તા.બાબરા

વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી ચમારડી ગ્રામ પંચાયત

અરજદારના વિ.વ.શ્રી પ્રકાશ આર.મકવાણા

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે ચમારડી ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પૌત્રી નિત્યા પરેશભાઈ બુહાનો જન્મ તા.૨૦-૦૪-૨૦૨૨ ના રોજ મોજે ચમારડી, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૬-૧૨-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯-૦૧-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો — **તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૦/૨૪..............તા.૦૧-૦૧-૨૦૨૫**

વિવાદી :- શ્રી મગનભાઈ નાગજીભાઈ બફલીપરા રહે.મોટા દેવળીયા, તા.બાબરા

વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી નડાળા ગ્રામ પંચાયત

અરજદારના વિ.વ.શ્રી પ્રકાશ આર.મકવાણા

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે નડાળા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્રી શ્રી અંજનાબેન મગનલાલ બફલીપરાનો જન્મ તા.૨૦-૦૧-૧૯૭૫ ના રોજ મોજે નડાળા, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૬-૧૨-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯-૦૧-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો — **તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

---

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૩-૨૦૨૫............મુ.તા.૧૩-૦૨-૨૦૨૫

અરજદાર : વેકરીયા મનુભાઈ છગનભાઈ રહે.નાના વિસાવદર, તા.ખાંભા

અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી નાના વિસાવદર, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર વેકરીયા મનુભાઈ છગનભાઈનો જન્મ તા.૦૧-૦૯-૧૯૫૮ નારોજ ગામ નાના વિસાવદર, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પોતાના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૩-૦૨-૨૦૨૫ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૪-૦૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમ થી |
|---|---|---|---|
| કે.પી.રામોલીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| ઈ.ચા.આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૭-૦૧-૨૦૨૫ મંગળવાર

# યહૂદીઓનો અવિરત જંગ હજુ ચાલુ રહેશે તો મુસ્લિમ દેશોની કમર તૂટશે

ઈઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચે ફરીથી સંઘર્ષની શરૂઆત થઈ છે. આમ તો આ કામ જુના ઘા ને તાજા કરવાનું છે. વર્તમાન સમયમાં બંને ઈમને સામને છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ જંગ બહુ પ્રાચીન છે. ખરેખર તો આ એ સમય છે કે જે સમયે દર વર્ષે બંને દેશો વચ્ચે સંઘર્ષ થાય છે. રમજાનના મહિનામાં પેલેસ્ટાઇનના લોકો પોતાની આઝાદીનો અવાજ આઝાદીનો અવાજ બુલંદ કરે છે. જ્યારે કે આ જ સમય ગાળામાં ઈઝરાયેલ પોતાની આઝાદીનો ઉત્સવ મનાવે છે. છેલ્લા કેટલાક દિવસોથી ઈઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચે નવો સંઘર્ષ શરૂ થયો છે. બેટલ ઓફ ગાઝા તરીકે ઓળખાવાયેલો ઈઝરાયેલનો હુમલો પેલેસ્ટાઇન લોકો માટે ભારે વિનાશક સાબિત થયો છે.

પેલેસ્ટાઇન પ્રદર્શનકારીઓ અને ઈઝરાયેલ પોલીસ વચ્ચે ઓછોવત્તો સંઘર્ષ તો ઘણા લાંબા સમયથી ચાલે જ છે. જેરુસલેમ શહેરના પ્રાચીન વિસ્તારમાં એ કાયમ ચાલુ હોય છે, જ્યાં મુસ્લિમ, યહૂદીઓ અને ખ્રિસ્તીઓના પવિત્ર સ્થળ આવેલા છે. આ વખતનો સંઘર્ષ રમજાન મહિનાની શરૂઆતમાં થયો, જ્યારે પેલેસ્ટાઇનના લોકોએ દુનિયામાં પોતાની હયાતીને પુરવાર કરવાની ડિમાન્ડ મજબૂત કરી અને એ માટે વિવિધ પ્રદર્શન શરૂ કર્યા. તરત જ ઈઝરાયેલની પોલીસે એની સામે એક્શન લેવાની શરૂઆત કરી. ભૂમધ્ય સમુદ્રને કિનારે વસેલા ઈઝરાયેલ અને પેલેસ્ટાઇન અંગે એવી ભ્રમણા ફેલાયેલી છે કે બંને દેશો વચ્ચે મુખ્ય રૂપથી તો આ લડાઈ ધાર્મિક છે અને હજારો વર્ષોથી ચાલી આવે છે.

જ્યારે કે બંને દેશોનો ઈતિહાસ તપાસીએ તો આવું બિલકુલ નથી. પરંતુ એ સ્પષ્ટ છે કે ઈઝરાઈલ અને પેલેસ્ટાઇન વચ્ચેનું યુદ્ધ માત્ર જમીન અને પોતપોતાની ઓળખ માટેનું છે. પરંતુ અનેક વખત એને ધાર્મિક સ્વરૂપે જોવામાં આવે છે અને બહારની દુનિયા તો લગભગ જાણતી જ નથી કે બન્ને વચ્ચે સંઘર્ષના મૂળ કારણ શું છે. ૧૯મી સદીની શરૂઆતમાં અને પછી બીજા વિશ્વયુદ્ધ પછી ઈઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચે યુદ્ધ ભડકતું રહ્યું છે. બંને તરફથી જુદા જુદા પ્રકારના દાવાઓ કરવામાં આવે છે. ઈતિહાસકાર બેની મોરિસે કહ્યું છે કે પહેલા વિશ્વયુદ્ધ જેણે ઓટોમન સામ્રાજ્યને સંપૂર્ણ રીતે ખત્મ કરી દીધું હતું એણે મિડલ ઈસ્ટનું આખું ચિત્ર બદલી નાખ્યું હતું. ત્યારે અહીં પણ લોકોએ બીજા દેશોની પ્રજાની જેમ અલગ દેશની રજૂઆત કરી હતી.

ફક્ત પ્રાચીન જ નહી પણ એનાથી પણ જુના ઈતિહાસના પાના ઉથલાવીએ તો ખબર પડે કે યહૂદીઓએ સદીઓ સુધી પોતાનું ઘર સ્થાપવા માટે, પોતાની કહી શકાય એવી જમીન મેળવવા માટે અડધી દુનિયામાં સતત રઝળપાટ કર્યો છે. અહી સતત શબ્દની અંદર સદીઓ સમાવિષ્ટ છે એવું માનવું. સમગ્ર યુરોપ અને આફ્રિકામાં યહૂદીઓ જ્યાં પણ પોતાનું ઘર વસાવવા ગયા છે ત્યાંથી એમને જાકારો મળ્યો છે. સંખ્યાબળ ઓછું હોવાના કારણે કોઈ રાજાએ કે કોઈ સામ્રાજ્યની પ્રજાએ તેને આવકાર્યા નથી બલ્કે જાકારો આપ્યો છે. મોઝીસના સમયથી યહૂદીઓ આમતેમ ભટકતા રહ્યા અને ઠરીઠામ થયા નથી. યહૂદીઓના રઝળપાટ દરમિયાન સેંકડો વર્ષો સુધી આરબ મુસ્લિમોએ અત્યારે જ્યાં જેરૂસેલમ છે એની આસપાસના વિસ્તારમાં પોતાના તંબુ જમાવી દીધા હતા. માટે થયું એવું કે એ આરબોની કેટલીયે પેઢી એ જ જમીનમાં ઉછરી, મોટી થઈ અને બીજી પેઢીને જન્મ આપીને ચાલી ગઈ. માટે એ આરબો જમીનના એ ટુકડાને પોતાની જ માભોમ માનતા આવ્યા છે.

યહૂદીઓનો ઉદભવ આ જમીન ઉપર થયેલો માટે તેઓ ઈઝરાયેલને પોતાની માતૃભૂમિ માને છે. આરબો સદીઓ સુધી ત્યાં રહ્યા માટે તેઓ પણ તે જમીનને પોતાની ગણે છે. બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું તેના વર્ષો પહેલાથી યુરોપમાં યહૂદીઓ સાથે ઘાતકી દુર્વ્યવહાર ચાલુ થયેલો જે સાંઈઠ લાખ યહુદીઓની કતલેઆમમાં પરિણમ્યો. માટે ત્યારથી દુનિયાભરના યહૂદીઓ એક થઈ ગયા છે અને પોતાની મૂળ માતૃભૂમિ ઉપર દેશ સ્થાપીને જ બેઠા. પરંતુ બેઠા પછી નિરાંતનો શ્વાસ લીધો નથી. ફરી વખત ઈતિહાસનું પુનરાવર્તન ન થાય તેની જડબેસલાક તકેદારી લીધી. પેલેસ્ટાઇન અને ઈઝરાયેલ વચ્ચે વખતોવખત યુદ્ધ થયા છે અને દરેક વખતે આરબોને જબરી હાર મળી છે.

આ સમગ્ર વિસ્તાર ઈઝરાયેલના ભાગમાં આવી ગયો હતો પરંતુ જ્યારે યહૂદીઓએ પોતાના સ્વતંત્ર દેશની માગણી શરૂ કરી ત્યારે એ પણ રજૂઆત થઈ કે જેરુસલેમમાં યહૂદીઓ માટે એક વિશેષ જગ્યાનું નિર્માણ કરવામાં આવે, જેને યહૂદીઓ પોતાનું ઘર કહી શકે. ઈઝરાયેલ અને પેલેસ્ટાઇનથી જોડાયેલો એક ભાગ ૨૦મી સદીની શરૂઆતમાં સંઘર્ષનું કારણ માનવામાં આવે છે. આમ તો વર્તમાન સમયમાં ઈઝરાયેલ અને પેલેસ્ટાઇનને બે અલગ અલગ દેશ માનવામાં આવે છે, પરંતુ એ બંને દેશો એકબીજાના અસ્તિત્વને સ્વીકારતા નથી. બીજા વિશ્વ યુદ્ધ પછી સંયુક્ત રાષ્ટ્ર સંઘે એક પ્રસ્તાવ લાવીને બંને દેશોને અલગ કર્યા જેના પછી ઈઝરાયેલ પહેલીવાર દુનિયાની સામે હયાતીમાં આવ્યું. ઈસવીસન ૧૯૪૭માં સંયુક્ત રાષ્ટ્રે ૧૮૧ નંબરનો એક પ્રસ્તાવ પ્રસારિત કર્યો જેનું મૂળરૂપ જમીનના ભાગલા પાડવાથી હતું.

આ પ્રસ્તાવ અંતર્ગત બ્રિટિશ રાજવાળાઓએ આ વિસ્તારને બે ભાગમાં વહેંચી આપ્યા. જેમાંથી એક ભાગ અરબ વિસ્તારનો અને બીજો ભાગ યહૂદીઓનો માનવામાં આવ્યો, ઈસવીસન ૧૯૪૮માં સંયુક્ત રાષ્ટ્ર અને દુનિયાની નજરમાં પહેલીવાર ઈઝરાયેલ દેશનો જન્મ થયો. ૧૪મી મે ૧૯૪૮ના દિવસે ઈઝરાયેલ અસ્તિત્વમાં આવ્યું હોવાને કારણે આ દિવસને તેઓ રાષ્ટ્રીય દિવસ તરીકે આજે પણ ઉજવે છે. આ જ દિવસે ઈતિહાસમાં પહેલીવાર આરબ અને ઈઝરાયેલીઓનું યુદ્ધ પણ શરૂ થયું. આ યુદ્ધ લગભગ એક વર્ષ સુધી ચાલ્યું અને ૧૯૪૯માં પૂરું થયું, જેમાં ઈઝરાયેલ જીત્યું હતું. આખરે પરિણામ એ આવ્યું કે અંદાજે સાડા સાત લાખ લોકોએ પોતાનો વતનનો વિસ્તાર છોડવો પડ્યો અને અંતમાં બ્રિટિશ રાજ્યનો જૂનો વિસ્તાર ત્રણ ભાગમાં વહેંચાઈ ગયો. જેમાંથી ઈઝરાયેલ, વેસ્ટ બેંક એટલે કે પશ્ચિમ કિનારો અને મિડલ ઈસ્ટ એટલે કે મધ્ય પૂર્વના દેશો. એની સંયુક્ત સરહદને ગાઝા પટ્ટી એવું નામ આપવામાં આવ્યું.

### ઓઇલ મીલની બાજુમાં ખુલ્લી જગ્યામાં ટ્રક રાખેલો તે

# અમરેલી લાઠી બાયપાસ ચોકડી નજીકથી ટ્રક ચોરાયો

## બગસરાના ચાર શખ્સો સામે ૧૧ લાખના ટ્રકની ચોરી થઇ ગયાની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ

અમરેલી,અમરેલી લાઠી રોડ બાયપાસ ચોકડી નજીક આવેલ પટેલ ઓઈલ મીલની બાજુમાં ખુલ્લી જગ્યામાં રાખેલ ટ્રક જી.જે.૧૪ એ.ટી.૬૬૫૫ આશરે રૂા.૧૧,૦૦,૦૦૦ ની કિંમતનો રફીકભાઈ રસુલભાઈ પરમાર રહે.પડવદર તા.ગઢડાવાળાએ પટેલ ઓઈલમીલની બાજુમાં અમરેલી લાઠી રોડ બાયપાસ ચોકડી પાસે ખુલ્લી જગ્યામાં મુકીને ગયેલ હોય.જે ટ્રક બગસરાના દાનીફ રફીકભાઈ કાળોદ્રા,અસ્લમ ઉર્ફે દેડક કાળવાતર,અજમલ ઉર્ફે તકકો કાળવાતર,હનીફ ઉર્ફે જાડીયો ડાયાતર તેમજ અન્ય બે શખ્સોએ મળીને કોઈપણ પ્રકારની પરવાનગી વગર એકબીજાએ મદદગારી કરી ચોરી કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# હેમાળ નેશનલ હાઈવે પર લોર સોખડા જવાના રસ્તે ટ્રકે બાઈકને હડફેટે લેતા મહિલાનું મોત

## બાઈક સાથે ભટકાવી પછાડી દઈ મહિલાનું પાછળના ટાયરમાં માથુ આવી જતા મોત

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)
જાફરાબાદ તાલુકાના હેમાળ ગામે નેશનલ હાઈવે પર લોર સોખડા ગામ જવાના રસ્તે રાજેશભાઈ જેરામભાઈ સાકરીયા ઉ.વ.૩૪ રહે. ઉમેજ તા,ઉના.પોતાનું બાઈક જી.જે.૦૫ ડી.એફ.૩૭૯૩ લઈને તેમના માતા નંદુબેન ઉમેદ ગામેથી ચોત્રા ગામે તેમની બહેનના લગ્નનું આમંત્રણ દેવા ગયેલ હોય.અને પરત ઉમેદ જવા નીકળતા તા.૪-૧ ના સાંજના ૫:૩૦ વાગ્યે હેમાળ ગામે નેશનલ હાઈવે રોડ ઉપર લોર સોખડા ગામ જવાના રસ્તે પહોંચતા રાજેશભાઈને બાઈક પાછળથી ટ્રક જી.જે.૧૪ એકસ ,૭૭૬૬ ના ચાલકે પોતાનો ટ્રક પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક સાથે ભટકાવી રાજેશભાઈ તથા તેના માતા નંદુબેન બાઈક પરથી નીચે પડી જતા નંદુબેનનું માથું ટ્રકના પાછળના ટાયરમાં આવી જતા માથું છુંદાઈ જતા ગંભીર ઈજા થતા ઘટના સ્થળે મોત નિપજાવી રાજેશ ભાઈને મુંઢ ઈજા પહોંચાડી ટ્રક મુકી ચાલક નાસી ગયાની નાગેશ્રી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### પૈસા ભરવા છતા વિજલાઈન ન આવતા

# બાઢડામાં પુર્વસરપંચને માર મારી ધમકી આપી

## બાઢડાના શખ્સે થપ્પડ મારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)
સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે રહેતા પુર્વસરપંચને તેના જ ગામે રહેતા એક શખ્સે તેના ભાગીયાના ઘરે વીજલાઈનના કવોટેશનના પૈસા ભરવા છતા વિજલાઈન ન આવતા બોલાચાલી કરી થપ્પડ મારેલ.આ બનાવમાં પુર્વસરપંચ શાંતિભાઈ ખોડાભાઈ શેલડીયા નામના ૬૫ વર્ષના વૃદ્ધો સાવરકુંડલા તાલુકા પોલિસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ કે તેઓ વર્ષ ૨૦૨૧ થી ૨૨ સુધી બાઢડા ગ્રામપંચાયતનો સરપંચ તરીકે સેવા આપી હતી.તા.૩૦-૧૨ ના તેઓ ગામના બસસ્ટેન્ડ પાસે બેઠા હતા .ત્યારે ગામમાં રહેતા દિપક કનુભાઈ રાદડીયા તેની પાસે આવીને કહેલ કે મારા ભાગીયાને કવોટેશનના રૂા.૫૦ હજાર ભરવાના આપેલ.તેમ છતા તેના ઘરે વિજલાઈન આવેલ નથી.જેથી આ રૂપિયા તમારે મને પરત આપવા પડશે.તેમ કહી બોલાચાલી કરી થપ્પડ મારી ધમકી આપ્યાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી નજીક નાના માચીયાળામાં રસ્તે ચાલવા પ્રશ્ને બે મહિલાઓ ઉપર હુમલો

## બે મહિલા સહિત છ એ માર મારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)
અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે રહેતી સોનલબેન નજુભાઈ આલાણી ઉ.વ.૪૦ તથા ધ્રુવિલાબેન ચાલને જતા હતા.અને ચાલીને જવાનો રસ્તો જેસીબીના ઉપયોગ વડે બંધ કરતા હતા.જેથી સોનલબેને તથા ધ્રુવિલાબેને વિઠલ ઠાકરશીભાઈ અને બટુક ભાદાણીને કહેલ કે આ રસ્તે ચાલતા નહી.રસ્તો અમો બંધ કરીએ છીએ.જેથી સોનલબેને કહેલ કે આ રસ્તે અમો વર્ષોથી ચાલીએ છીએ.અમારા પુરૂષો સાથે વાત કરી રસ્તો બંધ કરજો.તેમ કહેતા વિઠલે ગાળો બોલી સોનલબેનનું બાવડું પકડી ગુનાહિત બળવાપરી કહેલ કે આ રસ્તો તારા બાપનો નથી.અહીંથી જતી રહે.તેવું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી વિઠલ ઠાકરશીભાઈ,બટુક ભાદાણી, રીટાબેન બટુકભાઈ, બટુકના માતા, મૌલિક બટુકભાઈ, નયનાબેન ભાદાણીએ સોનલબેનને ધકકો મારી પછાડી વિઠલે લાકડી વડે મારમારી ગેરકાયદેસર મંડળી રચી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદના રોહીસા અને અમરેલીમાં ઈંગ્લીશ દારૂના દરોડા

## ૪ બોટલ ઈંગ્લીશ દારૂ ૨૨ ટીન બીયર સહિત રૂા.૪૩૧૪ ના મુદામાલ સાથે બે ઝડપાયા

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)જાફરાબાદ તાલુકાના રોહિસા ગામે જીણુબેન ભીમાભાઈ વાઘેલાના કબ્જામાંથી ૪ બોટલ ઈંગ્લીશ દારૂ રૂા.૧૪૩૨ ના મુદામાલ અમરેલી એલસીબી શાખાના હે.કોન્સ. સુરેશભાઈ મેરે મુદામાલ કબ્જે કરેલ.જયારે રેઈડ દરમ્યાન મહિલા હાજર મળી આવેલ ન હતી.અમરેલી ચિતલ રોડ ગાયત્રી મંદિર પાસે અંજીકય ઉર્ફે સોનુ માર્તનરાવ ઢોણે કુલદીપ ઉર્ફે ભુરો નિતિનભાઈ ગણાત્રા એકટીવા જી.જે.૧૪એમ.૮૯૯૨ રૂા.૪૫,૦૦૦ તથા હીરો સ્પ્લેન્ડર જી.જે.૧૪ એ.એલ.૦૨૦૦ રૂા.૫૫,૦૦૦ ઉપર બિયર ટીન ૨૨ રૂા.૨૮૮૨ ની હેરફેર કરતા કુલ રૂા.૧,૦૨,૮૮૨ ના મુદામાલ સાથે પો.કોન્સ.ચિંતનકુમાર મારૂએ ઝડપી પાડયા હતા.

# અમરેલીમાં પ્રતિબંધિત ચાઈનીઝની દોરી સાથે એક શખ્સ ઝડપાઇ ગયો

## પોલિસે ૪૫ નંગ ફીરકી રૂા.૧૬,૨૦૦ નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી,અમરેલી બહારપરા ફેરીયાપામાં રહેતા જૈદ આરીફભાઈ મેતર પ્રતિબંધિત ચાઈનીઝ દોરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતા હે.કોન્સ.જયરાજભાઈ વાળાએ ચાઈનીઝ દોરીની ફીરકી ૪૫ નંગ રૂા.૧૬,૨૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

# અમરેલી જીલ્લામાં ત્રણ વાહન ચાલકો સહિત ૩૫ શખ્સો ઢીંગલી થયેલ હાલતમાં ઝડપાયા

## જીલ્લામાં ૩૮ સ્થળે દેશી દારૂના દરોડા પાડી ૧૦ મહિલાઓ સહિત ૨૯ ને ઝડપી લીધા

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)
અમરેલી જીલ્લામાં જુદા જુદા સ્થળોએથી ત્રણ વાહન ચાલકો સહિત ૩૫ શખ્સોને નશો કરી ઢીંગલી થયેલ હાલતમાં પોલિસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં વડિયા, અમરેલીસીટી, ડુંગર, લીલીયા ,ખાંભા ,બાબ રા, બગસરા, વંડા,રાજુલા, સાવરકુંડલા ટાઉન, સાવરકુંડલા રૂરલ ,ધારી, જાફરાબાદદ ટાઉન,નાગેશ્રી, જાફરાબાદ મરીન પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જયારે જીલ્લામાં પોલિસે જુદા જુદા ૩૮ સ્થળોએ દેશી દારૂના દરોડાઓ પાડીને ૧૦ મહિલા સહિત ૨૯ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.જેમાં જાફરાબાદ ટાઉન,લાઠી, સાવરકુંડલા રૂરલ ,દામનગર ,નાગેશ્રી, લીલીયા, ખાંભા, બાબરા,બગસરા,વંડા,જાફરાબાદ મરીન,મરીન પીપાવાવ ,રાજુલા સાવરકુંડલા ટાઉન,ધારી,અમરેલી રૂરલ,અમરેલીસીટી પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# અમરેલીમાં જુગાર રમતા એક મહિલા સહિત પાંચ ઝડપાયા

## પોલિસે જુગારના પટમાંથી રૂા.૨૩૦૦ કબ્જે કર્યા

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)
અમરેલી સુળીયાટીંબા ભાંડવાડમાં આંગણવાડી પાસે જાહેરમાં હારજીતનો જુગાર રમતા અશોક શંભુભાઈ સાંકળીયા ,ઈસા ગનીભાઈ માંડલીયા,સીદીશા બાદલશા રફાઈ ,હનીફશા સીદીશા રફાઈ,આઈશાબેન સીદીશા રફાઈને પો.કોન્સ.વનરાજભાઈ માંજરીયાએ રોકડ રૂા.૨૩૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

# અમરેલીમાં ચેક રીર્ટન કેસમાં ચીફ કોર્ટે એક વર્ષની સજા કરી

## રૂપીયા ૧,૧૭,૩૫૯ મંડળીને ચુકવવા હુકમ કરતી કોર્ટ

અમરેલી,
તાજેતરમાં બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી શાખા રાજકોટ પાસેથી રૂા.૧,૦૦,૦૦૦ નું ધિરાણ લઈ છુમંતર થયેલા રાજકોટમાં રહેતા અનીતભાઈ રમેશભાઈ પરમારે મંડળીને બાકી લેણાની રકમ રૂા.૧,૧૭,૩૫૯ વસુલ આપવા ચેક આપેલ હતો.જે ચેક રીર્ટન થતા મંડળીના શાખા સેક્રેટરી જયદીપભાઈ ધીરૂભાઈ નાકરાણીએ અમરેલીની ચીફકોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરતા પુરાવાના અંતે મેજીસ્ટ્રેટ કે.બી.પરમારે આરોપીને એક વર્ષની કેદની સજા તથા રૂા.૧,૧૭,૩૫૯ ચુકવવા હુકમ કરેલ છે.મંડળીના વકીલ તરીકે અમરેલીના સિનિયર ધારાશાસ્ત્રી એ.સી.વરીયા રોકાયા હતા.તેમજ તેઓના અનુગામી મદદ કરતા મહિલા ધારાશાસ્ત્રી ઉર્વિશા ગીરીશભાઈ સાકરીયાની દલીલોને ગ્રાહય રાખી કોર્ટે સજા ફટકારી હતી.

# અમરેલીમાં મહિલાને કેસ પાછો ખેંચી લેવાનું કહીને માર માર્યો

## પતિ સહિત સાસરીયાઓએ માર માર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)
અમરેલી બહારપરામાં નેહલબેન હેમંતભાઈ ખેતરીયા ઉ.વ.૩૬ તેના પતિ તથા સાસરીયા વિરુધ્ધ કેસ કરેલ હોય.અને ભરણપોષણ તથા ડોમેસ્ટીક કેસ ચાલતો હોય.તા.૪-૧ ના કોર્ટમાં તારીખે જતા હોય.જે કેસ પાછો ખેંચી લેવાનું કહી હસુ વિદુરભાઈ,હેમંત વિદુરભાઈ ,રતનબેન વિદુરભાઈ ,મીનાબેન હસુભાઈ ખેતરીયાએ ગાળો બોલી મુંઢમાર મારી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### મિલકત પ્રશ્ને ભાગ માંગી

# અમરેલીમાં ભાઈએ ભાઈ ઉપર હુમલો કર્યો

## ધારીયા વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)
અમરેલી લાઠી રોડ ગંગાવિહાર સોસાયટીમાં રહેતા ભીખાલાલ વનમાળીદાસ અગ્રાવત ઉ.વ.૬૯ નો ભાઈ ભરત વનમાળીદાસ અગ્રાવત અપરણીત હોવાથી ભીખાલાલ સાથે રહેતો હોય.અને ભરત દસેક વર્ષથી મિલકત અંગે ખોટી રીતે ભાઈઓ ભાગ માંગી અવાર નવાર ઝગડો કર્યા કરતો હોય.જે વાતનો ખાર રાખી ભીખાલાલને ભરતે ગાળો બોલી ધારીયા વડે મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલીમાં મોબાઈલ ચોરાયો

અમરેલી,અમરેલી રેલ્વે સ્ટેશન બહાર પાર્થભાઈ અરવિંદભાઈ પંડયા રહે. કાલાવડ જી.જામનગરવાળાનો વીવો કંપનીનો મોબાઈલ પડી જતા કોઈ ચોરી ગયાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગ્રહોની ચાલ




રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૭.૧.૨૦૨૫ મંગળવાર ,સંવંત ૨૦૮૧, પોષ સુદ આઠમ , રેવતી નક્ષત્ર , શિવ યોગ, બાલવ કરણ, આજે સાંજે ૫.૫૦ સુદી જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) ત્યારબાદ મેષ (અ,લ,ઈ) રહેશે.

### શનિ અને રાહુ બંને ધીમે ધીમે એકબીજા તરફ આગળ વધી રહ્યા છે

અત્રે અગાઉ લખ્યા મુજબ અનેક જગ્યાએ બર્ફબારી અને બરફના તોફાન કહેર મચાવી રહ્યા છે જેના કારણે હજારો લખો લોકોને અસર પહોંચી છે જયારે હજારો ફ્લાઈટ્સ અને વાહનવ્યવહાર અટકી પડ્યો છે. નીચસ્થ મંગળની શનિ પર દષ્ટિના કારણે અગાઉ અત્રે લખાયેલું કે આ સમયમાં જનજીવન અસ્તવ્યસ્ત થશે અને કુદરતી આપદા અને બર્ફબારીથી સાવધ રહેવું પડશે જયારે બુધ મહારાજ વૃશ્ચિકમાં હોવાથી શેરબજાર પટકાશે એ વિષે પણ અત્રે લખ્યું હતું. આગામી દિવસોમાં પણ વિશેષ કાળજીની જરૂર રહેશે વળી ખેલજગત અને ક્રિકેટ બાબતે પણ અત્રે લખ્યા મુજબ મોટા



ફેરફાર અને ખેલાડીની કેરીઅર પર મોટી અસર જોવા મળે કેમ કે મંગળ ખેલજગત પણ દર્શાવે છે વળી મંગળ શરીર પણ છે માટે આ સમયમાં શરીર બાબતે વિશેષ કાળજી લેવી ઘટે. શનિ અને રાહુ બંને ધીમે ધીમે એકબીજા તરફ આગળ વધી રહ્યા છે ૨૯ માર્ચ ૨૦૨૫ના શનિ મીનમાં આવતા મીન રાશિમાં શનિ રાહુ યુતિ થશે જે શ્રાપિત દોષ કે પિશાચ યોગ તરીકે મહાવિનાશકરી ગણવામાં આવે છે જેથી એપ્રિલ અને મેં માસમાં આ યુતિની ઘોર અસર જોવા મળશે જે ઈચ્છનીય નથી વળી આ યુતિ શરુ થાય એ પહેલા જ ઘણી બાબતો અને અસરો આ યુતિની તીવ્રતા દેખાડતા જોવા મળશે. ૨૯ મેં ૨૦૨૫ના રાહુ કુંભમાં આવવા સાથે આ યુતિ પૂર્ણ થશે પરંતુ તેનો પૂરો તરખાટ એપ્રિલ અને મેં માસમાં જોવા મળશે.

મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે,મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો,દિવસ લાગણી સભર રહે .
વૃષભ (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો,મુશ્કેલીમાં થી માર્ગ મળે,મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ,પ્રગતિ થાય.
સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,દિવસ એકંદરે સારો રહે.
તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો,ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
વૃશ્ચિક (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે,ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): વિવાનહયોગ્ય મિત્રો માટે શુભ સમય,સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
કુંભ (ગ,સ,શ ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે,નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય,પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

## સુડોકુ નં. ૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | | 2 | | | | |
| | | | 5 | 9 | 3 | | | |
| 3 | | 8 | | | | | 2 | |
| 7 | | 2 | | | 6 | | 5 | 9 |
| 4 | 6 | | | | | | 7 | 1 |
| 1 | 9 | | 2 | | | 4 | | 8 |
| | 2 | | | | | 8 | | 7 |
| | | | 8 | 3 | 4 | | | |
| | | | | 5 | | | | 4 |

અહીં એક ચોકઠુ આપ્યું છે જેમાં નવ બોકસ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે જે કરવાનું શું છે.
(૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૭ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 4 | 2 | 3 | 6 | 1 | 7 | 9 |
| 7 | 3 | 1 | 8 | 5 | 9 | 4 | 2 | 6 |
| 6 | 9 | 2 | 7 | 4 | 1 | 5 | 8 | 3 |
| 3 | 2 | 8 | 5 | 9 | 4 | 7 | 6 | 1 |
| 5 | 6 | 9 | 3 | 1 | 7 | 2 | 4 | 8 |
| 4 | 1 | 7 | 6 | 2 | 8 | 3 | 9 | 5 |
| 2 | 7 | 3 | 9 | 6 | 5 | 8 | 1 | 4 |
| 1 | 8 | 6 | 4 | 7 | 3 | 9 | 5 | 2 |
| 9 | 4 | 5 | 1 | 8 | 2 | 6 | 3 | 7 |

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૭૦ થી ૧૫૩૦ મગફળી ૮૦૫ થી ૧૧૭૫

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૦૦-૧૧૦૦
શિંગમોટી-૮૦૫-૧૧૭૫
શીંગફાડા-૮૦૦-૧૨૫૫
તલસફેદ-૧૭૪૦-૨૩૭૦
તલકાળા-૨૫૦૦-૪૪૪૪
જુવાર-૪૬૩-૧૦૦૦
ઘઉંટુકડા-૫૩૦-૬૫૯
ઘઉંલોકવન-૫૨૪-૬૪૩
ચણા-૮૮૧-૧૨૯૬
કપાસ-૯૭૦-૧૫૩૦
ધાણા-૧૩૫૦-૧૫૨૩
સોયાબીન-૫૯૯-૮૩૦
અડદ-૮૫૦-૧૪૭૦
એરંડા-૧૦૭૦-૧૧૯૬
મરચાલાંબા-૪૬૦-૩૦૧૧
જીરૂ-૩૯૫૦-૪૩૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૪૦-૫૨૦
રીંગણા-૧૬૦-૨૮૦
કોબીઝ-૯૦-૨૪૦
ટમેટાં-૩૦૦-૪૦૦
સુરણ-૮૦૦-૧૦૦૦
ફોદીનો-૬૪૦-૮૦૦
ગાજર-૩૦૦-૫૪૦
ગલકા-૩૦૦-૪૦૦
કાકડી-૩૨૦-૬૪૦
ગુવાર-૮૨૦-૧૫૮૦
દુધી-૮૦-૩૦૦
તુરીયા-૮૦૦-૧૨૦૦
ભીંડો-૫૨૦-૭૨૦
આદુ-૭૦૦-૮૨૦
કોથમીર-૧૦૦-૨૦૦
મેથીભાજી-૨૦૦-૩૨૦
ટીંડોરા-૪૦૦-૫૮૦
લીમડોમીઠો-૩૧૦-૩૩૦
મરચાલીલા-૪૦૦-૮૨૦
મુળા-૧૧૦-૨૦૦
લીંબુ-૧૦૦૦-૧૨૦૦
પાલક-૧૯૦-૨૩૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૦૦-૬૧૦
સોયાબીન-૭૮૦-૮૨૦
ઘઉં-૫૭૧-૬૮૦
જુવાર-૬૧૧-૯૫૦
કપાસ-૧૩૦૦-૧૪૮૦
તલસફેદ-૨૩૦૧-૨૪૦૦
અડદ-૧૧૭૧-૧૫૭૬
મઠ-૮૦૦-૧૨૦૧
શીંગ-૯૫૦-૧૧૭૫
ચણા-૧૧૦૦-૧૧૫૨

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૬૨-૭૧૧
ડુંગળીલાલ-૧૫૧-૫૬૦
તલસફેદ-૧૬૦૦-૨૩૪૧
અડદ-૭૬૫-૧૫૫૮
સોયાબીન-૭૬૧-૮૨૦
મકાઈ-૫૦૫-૬૬૦
ડુંગળીસફેદ-૨૦૯-૫૩૯
મેથી-૯૦૦-૯૦૦
બાજરી-૫૮૦-૬૨૮
જુવાર-૪૪૦-૯૦૦
નાળીયેર-૪૯૭-૨૬૮૧

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૫૦-૧૫૩૦
તલસફેદ-૧૯૪૦-૨૨૦૦
મગફળી-૧૦૫૭-૧૧૩૩
ચણા-૧૦૫૬-૧૧૯૪
જીરૂ-૩૯૯૫-૪૩૨૫
અડદ-૧૧૬૦-૧૨૯૦
કપાસ મીડીયમ-૧૨૫૦-૧૩૮૦
ઘઉં-૫૪૩-૬૧૭

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૦૦૦-૧૪૬૬
ચણા-૧૦૦૦-૧૧૬૫
મગફળી-૭૬૫-૧૦૦૦
ઘઉં-૫૭૮-૬૦૦
ધાણા-૧૧૫૦-૧૪૨૦
સોયાબીન-૬૩૫-૮૦૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૯૦૦-૧૧૩૬
શીંગમોટી-૧૦૨૧-૧૧૮૨
મઠ-૮૦૦-૯૪૩
તલસફેદ-૨૦૦૦-૨૪૪૭
કપાસ-૧૩૫૦-૧૪૮૧
ઘઉંલોકવન-૬૦૦-૬૮૧
જીરૂ-૪૧૭૨-૪૩૬૦
ઘઉંટુકડા-૬૦૦-૬૮૧
ચણા-૧૨૦૦-૧૨૨૬
સોયાબીન-૭૦૦-૭૮૧
બાજરો-૪૦૦-૪૫૦

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૭૫-૧૫૧૧
મગફળી-૯૪૦-૧૧૫૪

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૨૯૬-૧૫૧૧

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૫૦-૧૫૨૫
અડદ-૯૩૦-૧૨૧૦
મગફળી-૬૦૦-૯૬૧
શીંગદાણા-૧૦૦૦-૧૧૦૦
સોયાબીન-૫૦૦-૭૮૦
ઘઉં-૫૯૦-૬૨૫
ચણા-૧૧૧૫-૧૨૧૦
લસણ-૨૧૦૦-૨૧૦૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-
દાડમ-
મુસંબી-
અંગુર-
કીવી-
ડ્રેગન ફ્રુટ-
અનાનસ-
જામફળ-
કેળા-
પોપૈયા-
બોર-
સફરજન કાશ્મીર-

### અમરેલી આજનું તાપમાન

મહ ત્તમ તાપમાન-૨૮
ન્યુનતમ તાપમાન -૧૦.૬
ભેજનું પ્રમાણ -૫૭
પવનની ગતિ સરેરાશ -૭.૫

### કાયમી સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા ગાંધીનગર ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ધા નાખતા આગેવાનો

# રાજુલા, જાફરાબાદનાં પ્રશ્નોની ગાંધીનગરમાં રજુઆત કરતા શ્રી સોલંકી

### ટીંબીને સબ ડિવિઝનલ કચેરી આપો : મજાદરમાં રક્ષિત સ્મારક જાહેર કરો : વિક્ટરને ખારા અને મીઠા પાણીનાં પ્રવાહથી છુટકારો આપો





રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા જાફરાબાદ વિસ્તારના વિવિધ પ્રશ્નો બાબતે આજે મંડળ દ્વારા ગાંધીનગર ખાતે મંત્રીશ્રીઓને રૂબરૂ રજૂઆત કરવામાં આવીહતીઅનેવહેલીતકેપ્રશ્નોનાનિકાલ માટે આગેવાનોના પ્રતિનિધિ મંડળ દ્વારા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ની આગેવાનીમાં ધારદાર રજૂઆત કરી માંગણી કરી હતી. જાણવા મળતી વિગત મુજબ જાફરાબાદ તાલુકાની વાત કરીએ તો જે ટીંબી એપ્રોચ રોડ મંજૂર કરવામાં આવ્યોછે તેની પ્રક્રિયા રહેલી તકે કરવામાં આવે ઉપરાંત અહીં ચેકડેમ અને નવી પાણીની ટાંકી બનાવવામાં આવે તેમજ ટીંબી ગામના વીજળીના પ્રશ્ન બાબતે સબ ડિવિઝનલ કચેરી એટલે કે ટીંબી શહેર અને ગ્રામ્ય અલગ અલગ ફીડર બનાવવામાં આવે આ તમામ પ્રશ્નો બાબતે આજે ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. તો તાલુકાના વિક્ટર મુકામે લેબ કોટર વિસ્તારમાં ચોમાસા દરમિયાન ખારા પાણી તથા નદીના પાણીના પ્રવાહથી સ્થળાંતર કરવું પડે છે પરિણામે અહીં રહેતા લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે અને થોડા સમય પહેલા વાવાઝોડું આવ્યું ત્યારે પણ આ બાબતની રજૂઆત કરવામાં આવી હતી આ સમસ્યા છેલ્લા ઘણા સમયથી છે આથી વિકટર લેબરકોટર વિસ્તારમાં ખારા અને મીઠા પાણીના પ્રવાહથી છૂટકારો આપવા માટે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા સમક્ષ કરવામાં આવી હતી. તો રાજુલા તાલુકાની વાત કરીએ તો રાજુલાના પદ્મકવિ દુલાભાયા કાગના જન્મ સ્થળ એવા મજાદર ગામમાં અહીં ભાતીગળ સંસ્કૃતિ આવેલી છે તેમજ આ સંસ્કૃતિને જીવંત રાખવામાં આવી દેશના વડાપ્રધાન પણ મજાદર ની નોંધ લઈ રહ્યા છે અને પૂજ્ય મોરારીબાપુ દ્વારા દર વર્ષે ફાગણ સુદ ચોથના દિવસે તેમની પુણ્યતિથિ અહીં ઉજવવામાં આવે છે ત્યારે ભક્ત કવિ દુલાભાયા કાગ દ્વારા જે જે લોક સેવાના અને આપણી સંસ્કૃતિને અનુરૂપ સેવા બદલ તેમના ઋણ સ્વીકારના ભાગ સ્વરૂપે મજાદર ગામે જન્મસ્થળ રક્ષિત સ્મારક જાહેર કરવામાં આવે તેમ જ પ્રદર્શન ગેલેરી માટે ઓડિટોરિયમ હોલનું નિર્માણ કરવામાં આવે અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી ના નામે જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એવોર્ડ અપાય છે તે જ રીતે પદ્મશ્રી દુલાભાયા કાગના નામે ભાવનગર યુનિવર્સિટીમાં એવોર્ડ આપવામાં આવે તે માટે આજે રજૂઆત કરવામાં આવી હતી ગાંધીનગર વિવિધ મંત્રીશ્રીઓને અને અધિકારીઓને પ્રતિનિધિ મંડળ દ્વારા રૂબરૂ રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆત સમયે પ્રતિનિધિ મંડળમાં ચેતનભાઈ શિયાળ મનુભાઈ વાજા કમલેશભાઈ મકવાણા જાદવભાઈ સોલંકી ભરતભાઈ સોની માસુક દાદા હિંમત દાદા શંકરભાઈ બારીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## પોરબંદરમાં લેન્ડીંગ સમયે હેલિકોપ્ટર ક્રેશ થયું

પોરબંદર

પોરબંદરના કોસ્ટગાર્ડના એર એક્લી ખાતે હેલિકોપ્ટર ક્રેશ થવાની ઘટનામાં કોસ્ટગાર્ડના ત્રણ જવાનો શહિદ થયા હતા. એર એક્લી ખાતે છન્ઉૅ ધ્રુવ હેલિકોપ્ટર લેન્ડ થતી વેળાએ ક્રેશ થતાં ૩ લોકોના મોત થયા છે. જેમાં બે પાઈલટ અને ૧ અન્ય વ્યક્તિનો સમાવેશ થાય છે. તેમના મૃતદેહને પીએમ માટે પોરબંદરની ભાવસિંહજી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

## ગાંધીનગરમાં આવતી કાલથી ઠંડી પડવાની આગાહી

ગાંધીનગર,ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. સવારે -રાત્રિ દરમિયાન ઠંડીના ચમકારા સાથે આજે પણ ગાંધીનગરમાં તાપમાનનો પારો ૧૬ ડિગ્રી નોંધાયો છે. જો કે, આવતીકાલ સોમવારથી કડકડતી ઠંડી પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાઈ છે. ગુજરાતમાં કાતિલ ઠંડીમાં ઘટાડો થયો છે. સતત ત્રીજા દિવસે ગુજરાતમાં ઠંડીમાં ઘટાડો નોંધાયો હતો.

## રાજકોટમાં મીટર વગર ફરતી રીક્ષાઓને દંડ ફટકારાયો

રાજકોટ,રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા ગત મહિને જાહેર કરવામાં આવ્યું હતું કે ૧ જાન્યુઆરી ૨૦૨૫થી શહેરના રસ્તા ઉપર ફરતી ઓટોરિક્ષામાં ફરજિયાત પણે મીટર લગાવવાનું રહેશે તથા જો કોઈ રિક્ષા ચાલક નિયમનું પાલન નહીં કરે તો તેને દંડ ચૂકવવું પડશે. જેને લઈને ગત એક જાન્યુઆરી ૨૦૨૫ની સાંજથી જ રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રાઈવનું આયોજન મીટર વગર ફરતી રિક્ષા પકડીને દંડ કરવામાં આવ્યો હતો.

## અમદાવાદમાં દંપતિ પાસેથી ૩૫ લાખ પડાવ્યા

અમદાવાદ

અમદાવાદમાં ગઠિયાએ ધંધામાં સેટ કરવાનું કહીને દંપતી પાસેથી ૫૧ લાખ પડાવ્યા હતા, પરંતુ યુવકને ધંધામાં સેટ કર્યો ન હતો. જેથી દંપતીએ ઉઘરાણી કરતા ઠગે ૧૬ લાખ આપીને બાકીના ૩૫ લાખ નહીં આપીને ઠગાઈ આચરી હતી. આ અંગે મહિલાએ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ગઠિયા સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી તપાસ શરૂ કરી છે.

## કલોલમાં રાહદારીનું કાર અકસ્માતમાં મોત

કલોલ

કલોલ તાલુકાના બિલેશ્વરપુરા ગામે આવેલી સિમલા હોટલ પાસેથી હાઈવે ક્રોસ કરી રહેલા રાહદારીને કલોલ તરફથી પુર ઝડપે આવતી વેગેનાર કાર નંબર ય્ન્ન ૨૭ ઙ્ઘ્ન ૦૬૨ના ચાલકે ગફલતભરી રીતે કાર હંકારી હાઈવે મનોજકુમાર યાદવને ટક્કર મરતાં તેમનાં શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.

## ગાંધીનગરમાં દબાણો સહિતની કામગીરીનો આદેશ

ગાંધીનગર,શહેરમાં રોડ-રસ્તાની કામગીરીને લઈને ફરી એક વાર મ્યુનિસિપલ કમિશનરે અધિકારીઓ ઉપર નારાજગી વ્યક્ત કરી છે. કમિશનર રિવ્યુ મિટિંગમાં રોડ અંગેની કામગીરીની ચર્ચા ચાલી રહી હતી. તે દરમિયાન રોડની કામગીરી શરૂ કરવા અંગેનો વર્ક ઓર્ડર આપ્યા વિના જ કામગીરી મૌખિક સૂચનાથી ચાલુ કરી દેવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું.

## અમદાવાદમાં ઇન્વેસ્ટમેન્ટના બહાને ૨૮ લાખ ગુમાવ્યા

અમદાવાદ

અમદાવાદના યુવકે શેરબજારમાં ઈન્વેસ્ટમેન્ટના બહાને ૨૮ લાખ રૂપિયા ગુમાવ્યા છે. યુવકે યુટ્યુબ પરના આઈડીના આધાર માર્કેટ ઈન્વેસ્ટમેન્ટમાં ૨૫ લાખથી વધુ ઈન્વેસ્ટ કર્યા હતા. જે ડિમેટ એકાઉન્ટના આઈડી અને પાસવર્ડ અજાણ્યા વ્યક્તિને આપ્યા હતા. આ ઉપરાંત અજાણી વ્યક્તિએ ૩.૧૧ લાખ રૂપિયા પણ અલગથી પડાવ્યા હતા.

## ગાંધીનગરમાં પાલિકા દ્વારા દુકાનો સામે કાર્યવાહી

ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકની મિલકતોના ભાડુઆતો પાસેથી ભાડુ વસૂલવા નક્કર પગલાં લેવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત સેક્ટર-૨૧ ખાતે લાંબા સમયથી ભાડું ન ભરતા મિલકતોના ભાડુઆતો સામે કડક કાર્યવાહી હાથ ધસી ત્રણ મિલકતોને સીલ કરી દેવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા આવા ભાડુઆતોને વારંવાર નોટિસ આપવા છતાં પણ ભાડુ ભરવામાં ન આવતાં કુલ ૨૦ મિલકતો કે જેનું કુલ ભાડું રૂ. ૨૫ લાખ જેટલું બાકી હતું. તેમાંથી પ્રથમ તબક્કે કુલ ૩ મિલકતોને સીલ કરવામાં આવી છે. આ કડક કાર્યવાહીના પરિણામે બાકીના ભાડુઆતો દ્વારા તાત્કાલિક ચેક દ્વારા ભાડાની ભરપાઈ કરવામાં આવી છે. આ કાર્યવાહી દ્વારા એસ્ટેટ શાખા દ્વારા કુલ રૂ. ૨૧ લાખની વસૂલાત કરવામાં આવી છે. ચાલુ રાખવામાં આવશે અને જે ભાડુઆતો ભાડું ભરવામાં નહીં આવે.

### ખેલ મહાકુંભ કાર્યક્રમનું રાજ્ય સરકારનાં આદેશથી

# રાજુલા સંઘવી ગર્લ્સ હાઇસ્કુલમાં કલા મહાકુંભ કાર્યક્રમ યોજાયો

### તાલુકા કક્ષાએ કલા મહાકુંભમાં તાલુકાભરનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો



રાજુલા, (કનુભાઈ વરૂ)

તાલુકા કક્ષાની કલાકુંભ સ્પર્ધાઓ નું આયોજન શ્રીમતી ટી .જે.બી.એસ . ગર્લ્સ હાઈસ્કુલ ખાતે તા : ૪ જાન્યુઆરી અને શનિવાર નાં રોજ કરવામાં આવ્યું હતુ .આ કલા મહાકુંભ અંતર્ગત વિવિધ મહેમાનશ્રીઓ માં શ્રી દીપકભાઈ ઠક્કર (પૂર્વપ્રમુખ શ્રી રાજુલા નગર પાલિકા ) , અરુણા બહેન મહેતા (આચાર્યાશ્રી, લોઠપુર પ્રા શાળા) વિવિધ સંસ્થાનાં શિક્ષકો તથા નગર શ્રેષ્ઠી ઓ ઉપસ્થિત રહ્યા હતા . કલા મહા કુંભની સ્પર્ધાઓ માં સુગમ સંગીત , સમૂહ ગીત , લગ્ન ગીત , લોકા ગીત , ભજન ,રાસ, લોક નૃત્ય , ગરબા અભિનય , તબલા , હાર્મોનિયમ (હળવું ) ,ભરત નાટ્યમ, વક્તૃત્વ, ચિત્ર જેવી ૧૪ જેટલી સ્પર્ધાઓ માં સ્પર્ધક તથા કલા નાં ઉપાસકો એ પોત પોતાની આગવી શૈલી માં પ્રદર્શન કર્યુ . હતું. અલ્પાહાર બાદ સહુ દ્વારા આનંદીત થઈ કાર્યકમનું સમાપન કરવામાં આવ્યું હતું . શ્રીમતી ટી .જે. બી. એસ શાળા પરિવારે આ અંગે સુંદર આયોજન કર્યુ હોય પધારેલ મહેમાનશ્રીઓ એ સુચારુ આયોજન ની નોંધ લીધી હતી .શાળાનાં આચાર્યા શ્રી સીમા બહેન પંડ્યા/જોષી એ સહુ નો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગાંધીનગરમાં નિર્માણ પામનાર સમાજ શિક્ષણ ભવનમાં ચેક અર્પણ કરતા અગ્રાણી શ્રી દાદભાઇ

### સંદિપભાઇ ધાધલ, દાદભાઇ વરૂ, ભાણકુભાઇ અને બંને દાતાઓની ઉપસ્થિતિ




રાજુલા, (કનુભાઈ વરૂ) ગાંધીનગર ખાતે કાઠી સમાજનાશિક્ષણ ભવનમાં નિર્માણ અર્થે જિલ્લા મધ્ય સહકારી બેંકના ડિરેક્ટર શ્રી દાદભાઈ તથા જાફરાબાદના તાલુકા પંચાયતના માજી પ્રમુખ ગૌતમભાઈ વરુ દ્વારા ગાંધીનગરની શૈક્ષણિક કામગીરી સંભાળતા શ્રી પાવર પ્લાન્ટ ના શ્રી રણજીતભાઈ ધાધલ તથા રાજુલા માજી સ્કૂલના પ્રિન્સિપાલને ભાણકુભાઈ ચાંદુ ને બંને દાતાઓ શ્રી દાદભાઈ અને શેક અર્પણ કર્યા હતા તેમ રાજુલા માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર શ્રી અમરીશભાઈ વરુ એ જણાવ્યું હતું

# નવા આગરીયામાં એનએસએસ કેમ્પ યોજાયો

### એનએસએસ કેમ્પમાં ગ્રામ સફાઇ, વૃક્ષારોપણ, પર્યાવરણને લગત કાર્યક્રમો યોજાયાં



રાજુલા, (કનુભાઈ વરૂ) શ્રી જે. એ. સંઘવી હાઈસ્કૂલના એન.એસ.એસ. યુનિટ દ્વારા રાજુલા તાલુકાના નવા આગરીયા ગામે એન.એસ.એસ. અન્વયે વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગ્રામ સફાઈ, વૃક્ષારોપણ, પર્યાવરણ જાગૃતિ, ભિંતસૂત્રોનું લેખન, સર્વ રોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ વગેરે જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. આ કેમ્પ દરમિયાન તારીખ ૩/૧/ ૨૦૨૫ ના રોજ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર-સાવરકુંડલાના સહયોગથી એક સર્વરોગ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ હતું આ સર્વરોગ નિદાન કેમ્પમાં ૮૦ જેટલા દર્દીઓનુ નિદાન કરીને તેમને નિઃશૂલક દવાઓ આપવામાં આવેલહતી. આ ઉપરાંત તારીખ ૫/૧/૨૦૨૫ ના રોજ નવકાર બ્લડ બેન્ક-મહુવાના સહયોગથી એક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ રક્તદાન કેમ્પમાં ગ્રામ્ય કક્ષાએ ૨૫ યુનિટ જેટલું રક્ત એકઠું કરવામાં આવેલ હતું. આ સમગ્ર કેમ્પને સફળ બનાવવામાં શ્રી જે. એ.સંઘવી હાઈસ્કૂલના ટ્રસ્ટી શ્રી બીપીનભાઈ લહેરી તેમજ આચાર્ય શ્રી જે.એમ.વાઘના માર્ગદર્શનમાં શાળાના એન.એસ.એસ. કો-ઓર્ડીનેટર શ્રી એમ.એમ. નિમાવત તેમજ મદદનીશ શિક્ષક શ્રી એચ.ડી. ગુજરીયા તેમજ શ્રી જે. એ. સંઘવી હાઈસ્કુલ શાળા પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી આ કેમ્પ દરમિયાન નવા આગરીયાના સરપંચ શ્રી વલ્લભભાઈ છોટાળા તેમજ સમગ્ર ગ્રામ પંચાયત પરિવાર અને શ્રી નવા આગરીયા પ્રાથમિક શાળા પરિવાર દ્વારા સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો એ બદલ શ્રી જે સંઘવી હાઈસ્કુલ શાળા પરિવાર દ્વારા આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## રાજુલામાં ચેમ્બર દ્વારા શ્રી વરૂનું સન્માન કરાયું



ચેમ્બર ઓફ કોમર્સ ના દરેક મેમ્બરો દ્વારા વનરાજ ભાઈ વરુ નું રાજુલા શહેર ભાજપ પ્રમુખ તરીકે થતાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તે તસવીરમાં નજરે પડે છે. (તસવીર અહેવાલ : કનુભાઈ વરૂ)

# સાવરકુંડલામાં મહાજન વાડી ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

### ઉષામૈયાના જન્મદિન નિમિત્તે ૨૪૪ બોટલ રક્ત એકત્ર કરાયું



સાવરકુંડલા (સૌરભ દોશી)

સાવરકુંડલા લોહાણા મહાજન વાડી ખાતે સદભાવના ગ્રુપ દ્વારા આયોજીત અમરેલી રેડક્રોસ સોસાયટી તથા વેદ વોલન્ટરી બ્લડ બેન્કના સહયોગથી પ.પૂજ્ય ઉષામૈયા શિવ દરબાર આશ્રમ (કાનાતળાવ) ના ૮૬ માં પાવન જન્મદિન નિમિત્તે તા. ૫/૧/૨૫ ને રવિવાર ના રોજ મહારક્તદાન કેમ્પ રાખવામાં આવેલ, આ રક્તદાન કેમ્પમાં ૨૪૪ બોટલ રક્ત એકત્રિત થયું હતું. હાલ આ સંસ્થા દ્વારા ૧૦૬ મો રક્તદાન કેમ્પ યોજાયો હતો. આમ પણ અમરેલીમાં રક્તની ખાસી જરૂરિયાત હોવાથી આ કેમ્પ જરૂરિયાતમંદ લોકો માટે જીવનદાયીની પણ બની રહે એવી અભ્યર્થના સાથે સંસ્થાને ૩૦૦ બોટલ થી વધુ રક્તનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે બહોળા પ્રમાણમાં લોકો રક્તદાન કરે એવી સદભાવના ગ્રુપ દ્વારા લોકોને નમ્ર વિનંતી કરવામાં આવી હતી, અને જેમાં સાવરકુંડલાના રક્તદાતાઓ એ ૨૪૪ બોટલ રક્ત આપ્યું હતું, આમ તો રક્તદાન એ જ સૌથી શ્રેષ્ઠ દાન છે.

આ રક્તદાનના આયોજનમાં હરજીવનભાઈ સવજીભાઈ દોરડાવાળા ( હ.દિલીપભાઈ) તથા માતાવાડી રેસીડેન્સી, (જેસર રોડ) તરફથી એક - એક આકર્ષક સરપ્રાઈઝ ગિફ્ટ દરેક રક્તદાતાઓને આપવામાં આવી હતી. આ ઉપરાંત સદભાવના ગ્રુપ તરફથી પણ ગિફ્ટ આપવામાં આવી હતી. આમ રક્તદાન કેમ્પમાં ભાગ લેનાર તમામ રક્તદાતાઓને આ શુભપ્રસંગે ત્રણ ભેટ આપવામાં આવી હતી આ રક્તદાન કેમ્પમાં બહેનો માટે અલગ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી અને બહેનોએ પણ બહોળી સંખ્યામાં રક્તદાન કર્યું હતું.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# મુકેશભાઇ અંબાણી અને અનંત અંબાણી પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ દાદાના દર્શને પધાર્યા

### શ્રી સોમેશ્વર મહાપૂજા કરીને ધન્યતા અનુભવી



ગીર સોમનાથ,ભારતના શીર્ષ ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશભાઈ અંબાણી તથા તેમના પુત્ર અનંત અંબાણી જે રિલાયન્સ ગ્રુપની વિવિધ કંપનીઓના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ પર સેવા આપી રહ્યા છે. તેઓ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના પવિત્ર દર્શન માટે પધાર્યા હતા.શ્રી સોમનાથ મંદિરમાં તેમણે સોમેશ્વર મહાદેવના દર્શન કરી જલાભિષેક કર્યો હતો. આ પવિત્ર અવસર પર તેમણે ભગવાન સોમનાથને પૂજાસામગ્રી અને વસ્ત્રો અર્પિત કરીને પ્રાર્થના કરી હતી.

આ તકે શ્રી મુકેશભાઈ અંબાણી અને શ્રીઅનંતભાઈ અંબાણીએ સોમનાથ મહાદેવની શ્રી સોમનાથ મહાદેવની શ્રી સોમેશ્વર મહાપૂજા તેમજ ધ્વજાપૂજાનો સંકલ્પ લીધો હતો. તેમણે સમગ્ર ભારત માટે શાંતિ, સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.આ તકે તેમણે શ્રી સોમનાથ મંદિર પરિસરમાં બિરાજમાન દક્ષિણ ધ્રુવ દિશા સૂચક સ્તંભના દર્શન કરીને ભારતના ઐતિહાસિક અને ભૌતિક વારસાના પ્રતિ સમ્માન અને અહોભાવ વ્યક્ત કર્યો હતો.આ તકે શ્રી સોમનાથ ટ્રસ્ટના તરફથી ઈન્ચાર્જ જનરલ મેનેજર અજયકુમાર દુબે એ શ્રી સોમનાથ મહાદેવનું સ્મૃતિ ચિત્ર અને પ્રસાદ અર્પણ કરી મહાનુભાવો નું અભિવાદન કર્યું હતું

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

# મહુવામાં શાકમાર્કેટની ભયંકર દુર્દશા સર્જાઇ

### લોકોનાં કાયમી પ્રશ્નથી પ્રવર્તતો ભયંકર રોષ : રોડ ઉપર વહેતુ ગંદુ પાણી




મહુવા,

ગટર ઉભરાતા પાણી,આ કોઈ ગુજરાતી ફિલ્મનુ નામ નથી પણ મહુવા ની મોટી શાકમાર્કેટ ની દુર્દશા છે.દરરોજ માટે નો પ્રશ્ન છે.

આ ગ્રામ્ય માથી પોતાની રોજીંદા ની હાજીવિકા કમાવવા આવતાં લોકો શાકભાજી વેચી ને પોતાનું ઘર ચલાવતા હોય છે પણ ગ્રાહકને ઉભું કયા રહેવું.ગંદુ પાણી જ એટલું વહે છે કે લોકો ત્રાહિમામ પુકારી જાય છે.એટલું ગંદુ રોડ પર પાણી વહે છે.

પણ પાલીકા નું કે પછી જવાબદાર વ્યક્તિઓનું જાણે પેટમાં પાણી હલતું નથી.હવે લોકમૂખે ચર્ચાઈ રહ્યું છે કે પરિસ્થિતિ જો આવી ને આવી રહેશે તો કાઈક કડક વલણ અપનાવવું પડશે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# કેશોદ પ્રોહી. નાં બે ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

### જુનાગઢ પેરોલ ફ્લૉ સ્ક્વોડે વોચ ગોઠવીને આરોપીને ઝડપી લીધો




જુનાગઢ,

જુનાગઢ જિલ્લાનાં કેશોદ પોલીસ સ્ટેશનનાં પ્રોહીબીશનનાં બે ગુનામાં નાસતા ફરતા આરોપી મુકેશ પુંજાભાઈ સોલંકી રજપુત વેરાવળ હાઈવે વાળાને બાતમી આધારે વોચ ગોઠવીને ટેકનીકલ સોર્સથી તેના રહેણાંક મકાનમાંથી ઝડપી લીધેલ છે. આ આરોપી પ્રોહીબીશનનાં ગુનામાં ઘણા સમયથી નાસતો ફરતો હતો તેથી ઝડપી લઈને કેશોદ પોલીસને સોંપેલ છે.

## જુનાગઢમાં બે દિવસીય તાલિમ કાર્યક્રમ યોજાયો

### બહાઉદ્દીન સરકારી આર્ટસ કોલેજ ખાતે આયોજન

જુનાગઢ,જુનાગઢ બહાઉદ્દીન સરકારી આર્ટસ કોલેજ ખાતે ડો.જે.આર.વાંજાની પ્રેરણાથી ઈનોવેશન ક્લબ અંતર્ગત ડીકીટ બે દિવસીય તાલિમ કાર્યક્રમ તા. ૨ થી ૩ સુધી યોજાયો હતો. જેમાં કોલેજનાં સેમેસ્ટર ૨-૪-૬ નાં કુલ ૮૭ જેટલા વિદ્યાર્થી ભાઈ બહેનોએ લાભ લીધો હતો. તેને ડો.પીવી બારસીયાએ માર્ગદર્શન આપ્યું હતું. સંચાલન ડો.દિનાબેન લોઢીયાએ કર્યુ હતું. સાહિત સૌરાએ તાલિમ આપી હતી અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છ જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળોએ સ્વચ્છતા બાબતે પ્રવાસન સચિવશ્રીના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઇ

### ધોળાવીરા ખાતેની સફાઇ કામગીરીને બિરદાવતા પ્રવાસન સચિવશ્રી રાજેન્દ્રકુમાર



ભુજ,કચ્છ જિલ્લાના ભુજ સેવા સદન ખાતે ગુજરાતના પ્રવાસન સચિવશ્રી રાજેન્દ્રકુમારના અધ્યક્ષસ્થાને કચ્છના વિવિધ પ્રવાસન સ્થળોએ સ્વચ્છતા કામગીરીની સમીક્ષા અંગે બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાએ પ્રવાસન સચિવશ્રી રાજેન્દ્રકુમારને આવકારીને કચ્છના અને સ્વચ્છતા કામગીરી માટે રાજ્ય સરકારના સહકારની સરાહના કરી હતી.આ બેઠકમાં પ્રવાસન વિભાગના સચિવશ્રી રાજેન્દ્રકુમારે કચ્છ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ધોરડો સફેદ રણ અને ધોળાવીરા ખાતે થયેલી સફાઈની કામગીરીને બિરદાવી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ અમિત અરોરા અને પ્રાંત અધિકારીશ્રીઓએ પ્રેઝેન્ટેશનના માધ્યમથી વર્તમાન સમયમાં કરવામાં આવી રહેલી સફાઈની કામગીરી અંગે પ્રવાસન સચિવશ્રીને વાકેફ કરાવ્યા હતા.

## પ્રજાપિતા બ્રહ્મકુમારીઝ સંસ્થાનો ૬૦માં વર્ષમાં પ્રવેશ થતા

# અમરેલીમાં બ્રહ્મકુમારીઝ ડાયમંડ જ્યુબેલી વર્ષ ઉજવણીનો પ્રારંભ

**અમરેલી બ્રહ્મકુમારીઝ સેવા કેન્દ્ર દ્વારા ગૌરવમય ધરા પર આસ્થાભેર આયોજન**

**ત્રણ હજારથી વધુ ગામડામાં ગીતા પાઠશાળા અને ૧૫૦૦થી વધુ સમર્પિ બાલ બ્રહ્મચારીણી બહેનો, ભાઇઓનું વિશાળ વટવૃક્ષ બન્યું : ડીડીઓના હસ્તે ઉદઘાટન**

**૬૦ માં વર્ષમાં પ્રવેશ નિમિતે યુવા મહિલા શિક્ષા, વ્યાપાર સબંધીત કાર્યક્રમો યોજાશે**




અમરેલી,બ્રહ્મકુમારીઝ સંસ્થા ડાયમંડ જ્યુબેલી વર્ષની આજે અમરેલી સેવા કેન્દ્ર ખાતે ડીડીઓ શ્રી પરિમલ પંડ્યાનાં અધ્યક્ષ પદે શુભારંભ કરવામાં આવ્યો હતો. ૧૯૬૫ માં ગૌરવમય ગુજરાતની ધરાપર બીજ રોપાયું હતું. ત્યાગી તપસ્વી સેવાધારીઓનાં પ્રયાસોથી આજે ૫૦૦ સેવા કેન્દ્રો, ૩ હજારથી વધુ ગામડામાં ગીતાપાઠશાળા, ૧૫૦૦થી વધુ સમર્પિત બાલ બ્રહ્મચારીણી બ્રહ્મકુમારી બહેનો લાખો ભાઈ બહેનોનું વિશાળ વટવૃક્ષ બનેલ છે. આ ઐતિહાસિક ઘડીઓને ગુજરાતનો ઈશ્વરીય પરીવાર મળીને ખૂબજ ઉમંગ ઉત્સાહથી વર્ષને મનાવી રહયું છે. આ વર્ષે દરેક સેવા કેન્દ્ર દ્વારા ૬૦ સ્વ ઉન્નતિના કાર્યક્રમો શરૂ થશે, યુવા,મહિલા, શિક્ષા, વ્યાપાર, સ્વાસ્થ્ય, મેનેજમેન્ટ, એન્જીનયર, સ્પોટર્સ, ગ્રામ વિકાસ, અને વ્યસન મૂક્તિ જેવા અલગ અલગ કાર્યક્રમો વર્ષ દરમ્યાન યોજવા શુભારંભ કરેલ જેનું અધ્યક્ષ સ્થાન ડીડીઓશ્રી પરિમલ પંડ્યાએ શોભાવ્યું હતું. શ્રી પરેશભાઈ આચાર્ય, સુરૂ નાના માલીક સુરૂભાઈ સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્ર.કુ. ગીતાદીદી તથા બહોળી સંખ્યામાં શ્વેત વસ્ત્રધારી બ્રહ્માકુમાર-કુમારી ભાઈ-બહેનો હાજરી આપી હતી. આ વર્ષમાં જન જન અને મન સુધી મેરા બાબા આ ગયા આ નાંદ ગુઝે તેવો શુભ સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે નાનકડી કુમારીકાઓએ નૃત્ય દ્વારા રીયલ ડાયમંડનો અર્થ તથા સપ્તરંગી ઝલક બતાવી કાર્યક્રમના અંતમાં કેક કટીંગ દ્વારા નવા વર્ષની અને ડાયમંડ જયુબીલી માં ડાયમંડ બનવાની વધાઈ આપવામાં આવી હતી.

---

## ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી અને સાધુ સંતોની ઉપસ્થિતિમાં

# રાજુલામાં રૂા. ૪૦ કરોડનાં ખર્ચે નવા બનેલા રસ્તાઓનું લોકાર્પણ કરાયું

**મીરાનગર, ભરતનગર, આમ્રપાલી, ઝાખડાનગર સહિતનાં રસ્તાઓ થઇ જતા લોકોની મુશ્કેલી દુર**





રાજુલા, (જયદેવ વરુ)

રાજુલા શહેરમાં આજરોજ ચાર કરોડના ખર્ચે બનેલ નવા ચાલીસ રસ્તાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને શહેરીજનોની સુવિધાઓમાં એક વધારો થયો હતો જેમાં બોહળી સંખ્યામાં શહેરી તેનો ઉપસ્થિત રહ્યા હતા. જાણવા મળતી વિગત મુજબ રાજુલા શહેરમાં કુલ અલગ અલગ વિસ્તારોમાં ૪૦ રસ્તાઓ નવા બનવા પામ્યા હતા જેમાં ચંદા હાઉસ ડુંગર રોડ મીરાનગર ભરતનગર આમ્રપાલી સોસાયટી બલરામ નગર જાખડા નગર ખેતા ગાળા વિસ્તાર ડોરીનો પટ સ્વામિનારાયણ નગર મન મંદિર શ્રમજીવી નગર અને બાવળીયાવાડી સહિતના વિસ્તારોમાં આ રસ્તાઓ તૈયાર થઈ જતા આજે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને સાધુ સંતોની ઉપસ્થિતિમાં આ રસ્તાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ બાબતે ધારાસભ્ય સોલંકી એ જણાવ્યું હતું કે આજરોજ રાજુલા ખાતે નગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં અંદાજીત ૪ કરોડ નાં ખર્ચે ૪૦ રોડનાં લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપી રસ્તાઓનું લોકાર્પણ કર્યું હતું. શહેરીજનોની સુખાકારી માટે આ વિસ્તારના જન પ્રતિનિધિ તરીકે વિનમ્ર પ્રયાસ કર્યો હતો. આગામી સમયમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ખાતરી આપી છે કે વિસ્તારના એક પણ રસ્તાઓ બાકી નહીં રહે વધુમાં હીરાભાઈ એ જણાવ્યું કે બાકી રહેલા રસ્તાઓ પણ લેવામાં આવશે અને આ નવા ચૂંટાયેલા ભાજપ પ્રમુખ શ્રી વનરાજભાઈ વરુ દ્વારા પ્રથમ આયોજન કર્યું અને સંતો મહંતો પણ ઉપસ્થિત રહ્યા અને વનરાજભાઈ વરુવરણી થઈ તે બદલ અને સંતોને લાવ્યા અને પ્રોગ્રામનું ઉદઘાટન તે બદલ હું વનરાજભાઈ ને અભિનંદન પાઠવું છું આ પ્રસંગે ટીંબી માર્કેટિંગ યાર્ડના પ્રમુખ ચેતન શિયાળ દ્વારા જણાવ્યું કે આપણા વિસ્તારમાં હીરાભાઈ સોલંકી સતત જાગૃતતાના કારણે તાજેતરમાં વિકટરના પુલ તથા ટીમ્બી નો રોડ અને ગ્રામ્ય વિસ્તારના અનેક રોડ મંજૂર કરાવ્યા છે અને સતત જાગૃત રહી રાજુલા જાફરાબાદના કે મચ્છીમારોના હોય તો પણ હીરાભાઈ પ્રધાનો અને મુખ્યમંત્રીની પાસેથી મંજુર કરાવીએ પછી જ સંતોષ થાય છે તેમ છેતરભાઈ શિયાળે જણાવ્યું હતું અને સંતો દ્વારા પણ હીરાભાઈ એ આ રોડ મંજુર અને લોકાર્પણ કરાવતા સંતો શ્રી હીરાભાઈ નું સન્માન કર્યું હતું. આ તકે જીગ્નેશભાઈ પટેલ ચેતનભાઈ શિયાળ તથા જિલ્લા ભાજપ અગ્રણીએ એવા ખુમાણ તથા સંઘના પ્રમુખ રમેશભાઈ ડોબરીયા હરસુરભાઈ લાખણોત્રા તાલુકા પંચાયતના માજી પ્રમુખ બાબુભાઈ જાલંધરા તથા તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ ધીરજલાલ પુરોહિત ભાજપ મીડિયા સેલના સાગરભાઈ સરવૈયા સંજયભાઈ ધાખડા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ચિરાગભાઈ જોશી નગરપાલિકાના પૂર્વ સદસ્ય મયુરભાઈ દવે બ્રહ્મ સમાજ અગ્રણી એવા બીપીનભાઈ વેગડા તથા બસુભાઈ ચૌહાણ તથા રાજેશભાઈ જાની શહેર ભાજપ વનરાજભાઈ વરુ નાગરિક બેંકના પ્રમુખ મહેન્દ્રભાઈ ધાખડા તાલુકા પંચાયતના માજી પ્રમુખ બાબુભાઈ જાળંધ્રા ચેમ્બરના માજી પ્રમુખ બકુલભાઈ વોરા નગરપાલિકાના સુપરવાઈઝર પ્રભાત દાદાજોશી તથા કનુભાઈ વરુ તથા યોગેશભાઈ કાનાબાર સહિતના સાધુ સંતો,,પૂર્વ સદસ્યો, વેપારીઓ, ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, કાર્યકર્તાઓ, શહેરીજનો, તેમજ રાજુલા શહેરના પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

---

# રાજુલા બાલકૃષ્ણ વિદ્યાપીઠ દ્વારા જિલ્લા કક્ષાએ ખેલમહાકુંભ કાર્યક્રમ યોજાશે

**શ્રી હિરાભાઇ સોલંકી, શ્રી જીજ્ઞેશ પટેલ, અખંડ મંગલદાસ સ્વામી સહિતની ઉપસ્થિતિ**

રાજુલા, (કનુભાઈ વરૂ)

રમત-ગમત યુવા સાંસ્કૃતિ વિભાગ અંતર્ગત સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવેલ છે. રાજુલા જિલ્લા કક્ષાનાં મહાકુંભનું આયોજન તા.૮-૧-૨૫ થી ૯-૧-૨૫ સુધી બીએપીએસ સ્વામિનારાયણ મંદિરનાં ગ્રાઉન્ડમાં સ્કેટીંગ રમત અને તા.૧૧-૧-૨૫નાં કરાટે તથા તા.૩૦-૧-૨૫ નાં રોજ આર્ટીટીક્સ સ્કેટીંગ સ્પર્ધા જલારામ મંદિર જલારામ સત્સંગ હોલમાં યોજાશે જેમાં ઉદ્દઘાટન કાર્યક્રમ તા.૮-૧-૨૫ બુધવારે સવારે ૮:૩૦ કલાકે યોજાશે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકી, અખંડ મંગલદાસ સ્વામી, જીજ્ઞેશભાઈ પટેલ, મેહુલભાઈ બરાસરા, એસબી પુરોહિત મામલતદાર, ભરતભાઈ કલસરીયા ટીડીઓ, એસએલ ઉપાધ્યાય ચિફ ઓફિસર, વી.એમ.કાલોદરા પીઆઈ, કરશનભાઈ ભીલ, કરશનભાઈ ચૌહાણ, વિક્રમભાઈ શિયાળ, રમેશભાઈ ડોબરીયા, ધીરજલાલ પુરોહિત, કનુભાઈ કલરીયા, ઈસ્માઈલભાઈ મકવાણા, પીઠાભાઈ નકુમ, ચેતનભાઈ શિયાળ, રવુભાઈ ખુમાણ, વનરાજભાઈ વરૂ, ધીરજભાઈ નકુમ, સાગરભાઈ સરવૈયા ઉપસ્થિત રહેશે તેમ કન્વીનગર ઘનશ્યામભાઈ મશરૂ, કપીલભાઈ મશરૂ અને આચાર્ય સંજયભાઈ કાતરીયા બાલકૃષ્ણ વિદ્યાપીઠ રાજુલા દ્વારા જણાવ્યું છે.

---

# રાજુલાનાં દિપક ઠેકેદારનું સન્માન

**વિહીપ અને રાજુલા ચેમ્બર દ્વારા સંયુક્ત આયોજન**



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા ખાતે ૧૩૩ વાર સોમનાથ અને શિવની પ્રશંશની કામગીરી કરવા બદલ વિશ્વ હિન્દુ પરિષદ રાજુલા ચેમ્બર અને પત્રકાર મિત્રો દ્વારા દિપક ઠેકેદારનું શ્યામની મૂર્તિ આપી સન્માન કર્યું જેમાં રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરંગભાઈ મહેતા પૂર્વ પ્રમુખ બકુલભાઈ વોરા તથા વિશ્વ હિન્દુ પરિષદના શ્રી યુવરાજભાઈ ચાંદુ તથા ફોટોગ્રાફર અલ્પેશભાઈ બાટીયા નિલેશભાઈ ઠાકર તથા ચિંતનભાઈ મહેતા તથા મનીષભાઈ વાઘેલા દ્વારા બહુમાન અને સન્માન કરવામાં આવ્યું હતું

---

## જાફરાબાદના મોટા માણસા ગામે પ્રૌઢ ઉપર હુમલો

અમરેલી, જાફરાબાદ તાલુકાના મોટા માણસા ગામે રહેતા મનોજભાઈ રાજાભાઈ જોગદીયા ઉ.વ. ૪૦ પોતાના ઘરેથી ગામમાં દુધ લેવા માટે જતા હતા. તે દરમ્યાન પીપળાવાળી શેરીમાં પહોંચતા તેની બાજુમાં રહેતા પ્રેમજી ઉર્ફે પ્રવિણ સોમાભાઈ જોગદીયાએ આવીને કહેલ કે તારે બહુ હવા વધી ગી છે. તેમ કહી ગાળો બોલી ઝાપટ મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની નાગેશ્રી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

---

## મદદનીશ મત્સ્યોધોગ કચેરી દ્વારા

# જાફરાબાદનાં માછીમારોને તેનું રજીસ્ટ્રેશન કરાવી લેવા તંત્ર દ્વારા પરિપત્ર જાહેર કરાયો

**એનએફડીપી પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરાવી શકશે**

રાજુલા, (કનુભાઈ વરૂ)જાફરાબાદ મત્સ્યોદ્યોગ મદદનીશ કચેરી દ્વારા પરિપત્ર જાહેર કરી માછીમાર ભાઈઓને જણાવવામાં આવ્યું કે આવનાર સમયમાં સરકારશ્રી ની તમામ સહાય NFDP પોર્ટલમાં જેનું રજીસ્ટ્રેશન હશે તેઓને જ આપવાનું સરકારશ્રીના વિચારણા હેઠળ છે. તો તમામ માછીમારો એ પોતાનું રજીસ્ટ્રેશન NFDP પોર્ટલ પર પોતાની રીતે અથવા ફિશરીઝ ગાર્ડ પાસે અથવા CSC સેન્ટર દ્વારા અચૂક કરાવી લેવા ખાસ સૂચના આપવામાં આવી છે. વધુમાં આવનાર સમયમાં ટોકન લેવા માટે કે ટોકનમાં ખલાસીના નામ ચડાવવા માટે તમામ ખલાસીનો આધારકાર્ડ સાથે ફરજિયાત લિંક કરાવવા પડશે તો જ તેમાં OTP આવશે ત્યારબાદ જ ટોકન લઈ શકાશે કે ખલાસીઓના નામ ટોકન માં ચડી શકશે. આ બાબત પણ વિચારણા હેઠળ છે. તો તમામે ફરજિયાત પોતાનું NFDP પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરાવી લેવું અને પોતાના મો. ને આધાર કાર્ડ સાથે લિંક કરાવી લેવા ખાસ આપવામાં આવે છે. અન્યથા ભવિષ્યમાં ટોકન ના લઈ શકાય કે કોઈ ખલાસીનું નામ ટોકનમાં ના ચડે તેના માટે સ્વયં પોતે જ જવાબદાર રહેશે. જેની દરેક માછીમારે ખાસ ગંભીર નોંધ લેવા Assistant Director of Fisheries Jafrabad દ્વારા પરિપત્ર જાહેર કરી સરકાર શ્રી ની વિવિધ યોજના માટે NFDP પોર્ટલ માં રજીસ્ટ્રેશન કરવા માટે કરવામાં આવી

---

## યે દોસ્તી હમ નહીં છોડેંગે

# રાજુલામાં રહેતા બે વયોવૃદ્ધ દોસ્તો એકી સાથે અનંત યાત્રાએ નીકળ્યા

**૫૦ વર્ષથી દોસ્તી નિભાવીને ઈશ્વર પાસે પણ સાથે જ નીકળ્યા**



રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલા શહેરમાં રહેતા બે વૃદ્ધ એકી અનંત યાત્રાએ નીકળતા જોવા મળ્યા હતા. અને અંત સુધી દોસ્તી નિભાવી હતી. જાણવા મળતી વિગત મુજબ રાજુલા શિવછાયા સોસાયટીમાં રહેતા બે વયો વૃદ્ધ વડીલ જયંતીભાઈ માધવજીભાઈ મારુ અને ધીરુભાઈ રણછોડભાઈ રાઠોડ બંનેની ઉંમર હમતો એકસરખી છેલ્લા ૫૦ વર્ષથી એકબીજાની દોસ્તી નિભાવતા હતા જ્યારે સોસાયટીમાં પણ બંને એકબીજાની બાજુ જ રહેતા હતા કહેવાય છે ને કે દોસ્તીના કોઈ સીમાડા નથી હોતા ત્યારે આજે બંને વડીલો ને કુદરતી રીતે શ્વાસની પ્રક્રિયા માં સમસ્યા સર્જાતા બંને એકસાથે દેહ છોડ્યો હતો અને બંનેના મૃત્યુ થયા હતા છેલ્લા ઘણા વર્ષોથી બંને વડીલ સાથે બેસતા હતા એકબીજાના સુખ દુઃખમાં ભાગીદાર બનતા હતા અને દોસ્તી ધરાવતા હતા અને વળી એક જ સોસાયટીમાં બાજુ બાજુમાં રહેતા હતા ત્યારે આજે બંને અંત સુધી સાથે રહ્યા હોય તે મનંતયાત્રાએ પણ બંને એકસાથે નીકળતા લોકોમાં એક અનોખી દોસ્તી હોવાનું જોવા મળ્યું હતું બંને વડીલ વૃદ્ધોને ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તાલુકા પંચાયતના પ્રમુખ પ્રતિનિધિ ધીરજલાલ પુરોહિત પ્રવીણભાઈ વાઘેલા સહિતના શોક વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

---

# સાવરકુંડલાનાં કેવડાપરા વિસ્તારમાં રહેતા હાર્દિકભાઇએ ૮૫૦ કીમીની પદયાત્રા કરી

**૨૧ દિવસમાં ૮૫૦ કીમી પદયાત્રા કરી સફળ રહ્યાં**



સાવરકુંડલા, (સૌરભ દોશી)સાવરકુંડલા નગરના કેવડા પરાના નિવાસી પરમાર હાર્દિકભાઈ ધીરુભાઈએ એક અનોખી પહેલ કરીને સમગ્ર વિસ્તારમાં આસ્થા અને હિંમતનું પ્રતીક સ્થાપિત કર્યું છે. તેમણે રાજસ્થાનના જુના રણુજા ધામમાં આવેલા રામદેવ પીરના દર્શન કરવા માટે સાવરકુંડલાથી પગયાત્રાનો પ્રારંભ કર્યો હતો. આ આસ્થાની યાત્રા અંદાજે ૮૫૦ કિલોમીટરની હતી, જેને હાર્દિકભાઈએ માત્ર ૨૧ દિવસમાં પૂર્ણ કરીને પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે ગરમી, ઠંડી, થાક જેવી અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો હતો. પરંતુ રામદેવ પીર પ્રત્યેની અંદરની આસ્થા અને પોતાના લક્ષ્ય પ્રત્યેની અડગતાને કારણે તેઓ પોતાનું લક્ષ્ય હાંસલ કરવામાં સફળ રહ્યા હતાં. રામદેવ પીરના દર્શન કર્યા બાદ હાર્દિકભાઈ સાવરકુંડલા પરત ફરતાં સમગ્ર વિસ્તારના લોકોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ભજન-કીર્તનના ધ્વનિઓ વચ્ચે હાર્દિકભાઈને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર વિસ્તારમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

---

## વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા

# જુની અને નવી હળીયાદની બહેનો ગુપ્ત પ્રયાગ વૃધ્ધાશ્રમની મુલાકાતે

**લોક સંવેદના જગાડવા માટે બહેનોનો નવતર અભિગમ**



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

મહિલા સશક્તિકરણ ની વિવિધ પ્રવૃતિઓ ચાલી રહી છે. આજે સંયુક્ત કુટુંબો તુટી રહ્યા છે. જુની પેઢી અને નવી પેઢી વચ્ચે અંતર વધી રહ્યું છે, પરીણામે કુટુંબ સંસ્થા સામે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે, વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા મહિલા મંડળ ની બહેનો માટે, માવતર ના ઘેર કાર્યક્રમ ચાલી રહ્યો છે. જે અંતર્ગત તારીખ ૪ જાન્યુઆરી ના રોજ બગસરા તાલુકાના જુની હળીયાદ અને નવી હળિયાદ ગામ ના મહિલા મંડળ ની બહેનો ને ઉના તાલુકાના દેલવાડા ગુપ્તપ્રયાગ વુધ્ધાશ્રમ ની મુલાકાતે લય જવા મા આવેલ જ્યાં વડિલો સાથે સત્સંગ કરી, એક લાગણીસભર પારીવારીક વાતાવરણ ઉભું થયું હતું. આમ લોક સંવેદના જગાડવા માટે નો આ નવતર અભિગમ થી અનેક બહેનો ના જીવન મા હકારાત્મક અભિગમ વિકસે રહ્યો છે, પરીણામે વૈચારિક પરિવર્તન પણ જોવા મળે છે. પારીવારીક ભાવના મજબૂત બનાવવા માટે ના નવતર પ્રયાસ ના સારા પરીણામો જોવા મળી રહ્યા છે તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

---

## બગસરામાં બાઈક ચોરાયું

અમરેલી, બગસરા સત્વારા સમાજની વાડી પાસે વિજયભાઈ કાનજીભાઈ ચૌહાણનું હોન્ડા સીડી જી.જે.૧૬જે. ૨૧૯૦ રૂા. ૧૫, ૦૦૦ ની કિંમતનું સત્વારા સમાજની વાડી પાસેથી કોઈ ચોરી ગયાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ





શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon
રાજ ફેમીલી સલૂન
ટ્રેનેક બાય : જાવેદ હબીબ
હેરકટ, કેરાટીન, હાઇલાઇટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુઝ, શાઇનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઇડ્રા, બ્રાઇડલ મેકઅપ, ગ્રુમ મેકઅપ, હેર એક્સટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઇન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઇન રોડ, ચિતલ રોડ, અમરેલી.


# જુનાગઢમાં આજે એસપીશ્રી હર્ષદ મહેતાનો વિદાય સમારોહ યોજાશે

## ભવ્ય રોડ શો યોજી સન્માન સાથે વિદાયમાન અપાશે



જુનાગઢ,(હિતેષ પારેખ)
જુનાગઢના એસપી શ્રી હર્ષદ મહેતા એ પોતાના અંગત કારણોસર સ્વૈચ્છીક નિવૃતી લેતા હોવાથી આજે જુનાગઢમાં બપોરે ૪ કલાકે ભવ્ય રોડ શો યોજી એસપીશ્રી હર્ષદ મહેતાને ભવ્ય વિદાયમાન અપાશે. બહાઉદીન કોલેજ ખાતે યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આયોજકો વતી જણાવાયુ છે.

## રાજુલા પોલીસે મોબાઇલ મુળ માલીકને શોધીને પરત કર્યો

રાજુલા,રાજુલાપોલીસપોલીસેટેકનીકલસોર્સના માધ્યમથી બંને મુળ માલીકો ગોહીલ જ્યોતિન ભુપેન્દ્રભાઇ રહે. સુરેન્દ્રનગર વાળાને પુછતા જુનાગઢ પરીક્રમાંમાં મોબાઇલ પડી ગયેલ અને ફોનનું બીલ બતાવતા નારાયણસિંહ ચતારસિંહ હાલ ભેરાઇ વાળાને શોધી મોબાઇલ બાબતે પુછતા તેઓએખરીદી કરવાઆવતાપડી ગયાનું જણાવતા આઇએમઇ નંબરનો ફોન ટેકનીકલ સોર્સના માધ્યમથી શોધી આપી પરત કર્યો હતો.

## ખાંભામાં પરીણીતા ઉપર પતિ અને દિયરે હુમલો કર્યો

અમરેલી,ખાંભામા ભગવતીપરામાં રહેતી રેખાબેન પ્રવિણભાઈ ચુડાસમા ઉ.વ.૨૬ ને દિકરીઓ હોય.અને દિકરો ન હોય.જે વાતને લઈ પતિપ્રવિણ હિંમતભાઈ ચુડાસમા અવાર નવાર ઝગડો કરતા હોય.તા.૪-૧ ના રાત્રિના પતિએ રેખાબેનને દિકરીઓ સાથે ટીવી જોવા પ્રશ્ને બોલાચાલી કરતા સમજાવતા પ્રવિણે ગાળો બોલી શંકા કરી ઝગડો કરતા હોય.તે દરમ્યાન દિયર મુકેશ હિંમતભાઈ ચુડાસમા આવી જતા રેખાબેનને ધકકો મારી નીચે પછાડી માથામાં ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલામાં જુગાર રમતા ૬ શખ્સો ઝડપાયા

અમરેલી,
સાવરકુંડલાદારૂગડાશેરીમાં જાહેરમાં જુગાર રમતા આસીફ ઉર્ફે ભુરો નાસીભાઈ સૈયદ,રજાક રસુલભાઈ કુરેશી,ઈરફાન હનીફભાઈ બાવનકા,રીયાઝ ઈબ્રાહીમભાઈ બાવનકા,વસીમ ઈબ્રાહીમભાઈ કાલવા,વસીમ મુસાભાઈ તરકવાડીયાને હે.કોન્સ.જીતુભાઈ સરવૈયાએ રોકડ રૂા.૧૫,૩૦૦ તથા ૬ મોબાઈલ રૂા.૩૨,૫૦૦ મળી કુલ રૂા.૪૭,૮૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

## અવસાન નોંધ

આંબા
ચંદુભાઈ મણિશંકર દવે (ઉ.વ.–૭૩).તેદીનુ ભાઈ ના નાના ભાઈ તેમજ મયુર ભાઈ ના પિતાશ્રી, રૂપલ બેન સંદીપ ભાઈ દવે કુંકાવાવ નાપપ્પા, તેમજ કનૈયાલાલ પોપટલાલ દવે ના બનેવી (રફાળીયા) તેમજ લીલી બેન મહેતા, ચંપા બેન મહેતા, સ્વ. શારદા બેન દવે, ભાનુ બેન પાઠક ના નાના તેમજ શોભના બેન સંજય ભાઈ મહેતા (ભાવનગર), સોનલબેન સંદીપ ભાઈ દવે (રાજકોટ) ના કાકા તેમજ મિત ના દાદાનું ૫/૧/૨૦૨૫ના દુઃખદ બરરે અવસાન થયુ છે. સદગત નું બેસણું તા. ૯-૧-૨૦૨૫ ગુરૂવાર ના રોજ આખો દિવસ આંબા મુકામે રાખેલ છે. દિનુભાઈ દવે૯૯૭૪૪૩૧૫૮૮, મયુરભાઈ દવે૯૯૯૮૩૩૩૧૪૫

## બાબાપુરમાં બુધવારે વિનામુલ્યે નિદાન કેમ્પ યોજાશે

## બાળરોગ નિષ્ણાંત ડો. વિજળીવાલા દ્વારા સેવા

બાબાપુર, (હસમુખ રાવલ)
શ્રી સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર તથા વી.ડી.ઘેલાણી મહિલા કોલેજ સાવરકુંડલાના એનએસએસ યુનિટ દ્વારા વિનામુલ્યે નિદાન કેમ્પ તા.૮ બુધવારે સવારે ૯ થી ૧ કેમ્પમાં બાળકોના નિષ્ણાંત ડો.આઇ.કે.વિજળીવાલા સેવા આપશે. કોઇ બાળકની સારવાર ચાલી હોય તો રીપોર્ટના કાગળો, દવા સાથે લાવવી રહેશે. કેમ્પનો લાભ લેવા સર્વોદય આશ્રમ બાબાપુર દ્વારા જણાવાયુ છે.

## ઓનલાઈન જાહેર નિવિદા નં.૧૪ સને.૨૦૨૪–૨૫

### પંચાયત માર્ગ અને મકાન વિભાગ જિ.પં. અમરેલી

કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત મા.મ. વિભાગ, અમરેલી. (ફોન.નં.૦૨૭૯૨ ૨૨૨૧૧૨) દ્વારા ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીની MMGSY/SCSP/BUJ,SR,CDP-5,MPLADS, રાષ્ટ્રીય પર્વ કાર્યક્રમ,૧૫ મું નાણાપંચ નાં પેકેજ-૨૬, કામો–૩૮, અંદાજીત રકમ રૂા.૬૮.૨૮ લાખ ના ના કામોની બીજી વિગતો યથાવત છે ફક્ત મુદત વધારવા માં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે. તેમજ વિગતવાર માહિતી આ કચેરીનાં નોટીસ બોર્ડ તેમજ, www.nprocure.com, www.statetenders.gujarat.gov.in ઉપરથી જોવા મળશે. ઉપર જોવા મળશે. (૧) ઓનલાઈન ટેન્ડર રજુ કરવાની છેલ્લી તા.30/01/૨૦૨૫ ૧૮.00 કલાક સુધી (૨) અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની તા.૩૧/૦૧/૨૫ થી તા.૦૭/૦૨/૨૫ (૩) ટેન્ડર ખોલવાની તા.૩૧/૦૧/૨૫ ૧૨.00 કલાક

માહિતી/અમર/ /૨૪ — કાર્યપાલક ઇજનેર, પંચાયત મા.મ. વિભાગ, અમરેલી







સંકુલ PG કોલેજ – સારૂ શિક્ષણ – ઉચ્ચ પરિણામ
★ MA(Psy) Sem. I – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
★ M.Com.(EM) Sem. I – 94% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
★ M.Sc.(Micro) Sem. I – 100% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.Ed. Sem. I – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
★ B.Pharm Sem. I – 92% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
★ M.B.A. Sem. III – 96% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી -Ad 090



BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ



બહેનો માટે ઉત્તમ તક
તમે હાઉસવાઇફ છો અને આવક મેળવવા માંગો છો ?
તમે સરકારી/ખાનગી નોકરી કરો છો અને વધારે આવક મેળવવા માંગો છો ?
તમે મહેનત કરી નોકરી મેળવવા માંગો છો ?
આપના માટે ઉત્તમ તક
લાયકાત : ધોરણ ૧૦ પાસ થી ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ
આજે જ સંપર્ક કરો
મો.૯૪૦૯૬ ૬૨૬૫૭










Alpha Autolink
Sale Helpline: 99046 49999
Service Helpline: 99045 49999
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)લાઠી રોડ બાયપાસ


## તૃતીય વાર્ષિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલી



સ્વ.રૂત્વીક વિલેશભાઇ સવાણી
સ્વ.પોષ સુદ-૭ ૨૦૭૮
ઉ.વ.૨૦, મુ.ચલલા

રડી પડે છે આંખો અમારી જોઇ તસ્વીર તમારી
નાની ઉમરે તમારી અણધારી વિદાય સર્વેના કાળજા કંપાવી ગઇ,
મન હજુ માનતુ નથી કે તમો અમારી વચ્ચે નથી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના....

લી.
વિલેશભાઇ કે.સવાણી - કમલેશભાઇ કે.સવાણી
વિપુલભાઇ કે.સવાણી
તથા સવાણી પરિવારના જયશ્રી કૃષ્ણ


અરોમા પ્રિમીયમ બોડી સ્પા
દિવાળી ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઇઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
એપોઇન્ટમેન્ટ માટે M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકિતધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી–૩૬૫૬૦૧



શ્યામ આંખની હોસ્પિટલ
ડૉ. કપિલ બી. વરૂ
એમ.એસ. (ઓપ્થેલ.)
ફેલો મેડિકલ રેટિના
મોતિયા, ઝામર અને પડદાના રોગોના નિષ્ણાંત
: મેઈન બ્રાન્ચ :
સફારી પ્લાઝા, બીજો માળ, એંજલ સિનેમાની સામે, માણેકપરા, અમરેલી. મો. ૮૭૫૮૫ ૩૫૦૦૦
: અન્ય બ્રાન્ચ :
: બાબરા :
ઝાફરી કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેશન, અમરાપરા રોડ, બાબરા. મો. ૮૨૩૮૩ ૦૬૦૦૦
: ધારી :
ખોડીયાર કોમ્પ્લેક્ષ, પટેલ વાડી ગેટની સામે, અમરેલી રોડ, ધારી. મો. ૮૨૩૮૩ ૦૭૦૦૦
: રાજુલા :
શિવશકિત શોપીંગ, બેન્ક ઓફ બરોડાની પાસે, કોહિનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, રાજુલા. મો. ૭૪૩૪૮ ૦૮૦૦૦
: સાવરકુંડલા :
રિધ્ધિ સિધ્ધિ કોમ્પ્લેક્ષ, તાલુકા પંચાયત ઓફિસની સામે, મહુવા રોડ, સાવરકુંડલા. મો. ૮૨૩૮૬ ૦૯૦૦૦



શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?
તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેક્ટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક
લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.
RTO એડવાઇઝર
સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેકટીસ ટ્રેક
મો.૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯
નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ,અમરેલી



શું તમને સાંભળવાની તકલીફ છે ?
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮



રજી.સે.શ.૩૬૭૫૨ — ॥ સત્યમેવ જયતે ॥ — ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીક્સ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
● બાયપાસ બ્રાન્ચ ● સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
● બાબરા બ્રાન્ચ ● સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
● ધારી બ્રાન્ચ ● રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

